


# આજનો દિન વિશેષ

MAY 1

# ગુજરાત સ્થાપના દિવસ

ભારત દેશની સ્વતંત્રતા અને ભાગલા પછી ઇ.સ. ૧૯૪૭ના વર્ષમાં ભારત સરકારે પશ્ચિમ ભાગમાં રજવાડાંઓને ભેગાં કરી ત્રણ રાજ્યોની રચના કરી. આ રાજ્યો સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઇ હતાં. ઇ.સ. ૧૯૫૬ના વર્ષમાં મુંબઇ રાજ્યનો વિસ્તાર કરીને કચ્છ, સૌરાષ્ટ્ર અને હૈદરાબાદ તથા મધ્યપ્રદેશના કેટલાક ભાગો એમાં ઉમેરવામાં આવ્યા અને તેને બૃહદ મુંબઇ રાજ્ય નામ અપાયું. આ નવા રાજ્યમાં ઉત્તર ભાગમાં ગુજરાતી બોલતા લોકો અને દક્ષિણ ભાગમાં મરાઠી બોલતા લોકો હતા. મહાગુજરાત આંદોલન અને અલગ મરાઠી રાજ્યની માંગણી પછી ૧ મે, ૧૯૬૦ના રોજ મુંબઇ રાજ્યના બે ભાગલા મહારાષ્ટ્ર અને ગુજરાત તરીકે કરવામાં આવ્યા. ગુજરાત સરકારે આ દિવસને ગુજરાત ગૌરવ દિવસ તરીકે ઘોષિત કર્યો છે. ગુજરાત રાજ્યની સ્થાપનામાં મહાગુજરાત આંદોલનની મહત્તવની ભૂમિકા રહી છે. જોકે, ૧૯૫૬માં શરૂ થયેલા મહાગુજરાત આંદોલનને વેગ આપવાનું કામ બરાબર ખાંભી સત્યાગ્રહે કર્યું હતું. કેન્દ્ર સરકારે દ્વિભાષી રાજ્યનો કાયદો ઘડીને મહારાષ્ટ્ર-ગુજરાતને એક રાજ્ય જાહેર કરી દીધું હતું. બીજી તરફ ગુજરાતી પ્રજા ગુજરાતને અલગ રાજ્ય તરીકે જોવા માંગતી હતી. ૧૯૫૬માં નાના પાયે આંદોલનની શરૂઆત થઇ હતી. ઇન્દુલાલ યાજ્ઞિક, ભાઇકાકા વગેરેએ આગેવાની લેવાની શરૂઆત કરી પછી આંદોલને મોટું સ્વરૂપ ધારણ કર્યું અને 'મહાગુજરાત આંદોલન' તરીકે પ્રસિદ્ધિ પામ્યું. ગુજરાતની રચના ભલે 1960માં થઇ હોય, પરંતુ તેનો વિચાર 'કુમાર' નામના એક સામયિકમાં 1928માં વહેતો થયો હતો. લેખક અને આઝાદીના લડવૈયા ક.મા.મુનશીએ 'મહાગુજરાત' વિચારને વહેતો મુક્યો હતો. 1937માં કરાચીમાં મળેલી ગુજરાતી સાહિત્ય સભામાં આ પ્રસ્તાવ રજૂ કરાયો હતો. એ જ રીતે ગુજરાત રાજ્યનો પ્રથમ નકશો દેવશવજી પરમારે લખેલા 'ઉથરીષ્ટ જાગરત' નામની કવિતાના આગળના ભાગમાં જોવા મળ્યો હતો.

શિક્ષણ જગત

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.

www.shikshanjagat.net

shikshanjagat




# આજનો દિન વિશેષ




## વિશ્વ મજુર દિવસ – મે દિવસ

**મજૂર દિવસ (Labour Day) દર વર્ષે 1 મેના રોજ એવા લોકોની યાદમાં ઉજવવામાં આવે છે જેમણે પોતાના લોહી-પાણી એક કરીને દેશ અને દુનિયાના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે**. કોઈ પણ દેશ, સમાજ, સંસ્થાઓ અને ઉધોગોના વિકાસમાં મજૂરો, કામદારો અને મહેનતુ લોકોની મહત્વની ભૂમિકા હોય છે. મજૂરો અને કામદારોના કારણે જ આજે દુનિયાભરના દેશોમાં વિકાસ શક્ય બન્યો છે. મજૂર દિવસ અનેક વર્ષોથી પહેલી મેના રોજ ઉજવવામાં આવે છે. આજનો દિવસ લેબર ડે કે મે દિવસના નામથી પણ ઓળખાય છે. આ દિવસે મોટાભાગના દેશોની મોટાભાગની કંપનીઓમાં રજા હોય છે. માત્ર ભારત જ નહીં પરંતુ દુનિયાના લગભગ 80 દેશોમાં આ દિવસે જાહેર રજા હોય છે. **આંતરરાષ્ટ્રીય મજૂર દિવસની શરૂઆત 1 મે 1886થી થઈ હતી. અમેરિકામાં જ્યારે મજૂર યુનિયનના સભ્યોએ કામના કલાકોને 9 કલાકથી વધુ ન રાખવા માટે માગણી કરી હતી અને તેના માટે હડતાળ કરી હતી.** આ હડતાળ દરમિયાન શિકાગોની હેમાર્કેટમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ બોમ્બ વિસ્ફોટ કોના દ્વારા કરાયો હતો તેની જાણકારી તો કોઈને ન હતી પરંતુ પ્રદર્શનકારીઓને કાબુમાં લેવા અઆને હડતાળને ખતમ કરવા માટે પોલીસે મજૂરો પર ફાયરિંગ કર્યું અને અનેક મજૂરો માર્યા ગયા હતાં. શિકાગોમાં શહીદ થયેલા મજૂરોની યાદમાં પહેલીવાર મજૂર દિવસ ઉજવાયો. ત્યારબાદ પેરિસમાં 1889માં આંતરરાષ્ટ્રીય સમાજવાદી સંમેલનમાં જાહેરાત કરાઈ કે હેમાર્કેટમાં નરસંહારમાં માર્યા ગયેલા નિર્દોષ લોકોની યાદમાં 1 મે ના રોજ આંતરરાષ્ટ્રીય મજૂર દિવસની ઉજવણી કરાશે અને આ દિવસે તમામ કામદારો અને શ્રમિકોને રજા રહેશે. ત્યારથી જ ભારત સહિત દુનિયાના લગભગ 80 દેશોમાં મજૂર દિવસને જાહેર રજા તરીકે મનાવવા લાગ્યાં. **ભારતીય મજદૂર કિસાન પાર્ટીના નેતા કામરેડ કિંગરાવેલુ ચેટ્ટયારે ચેન્નાઈમાં 1 મે 1923ના રોજ તેની શરૂઆત કરી હતી.** ભારતમાં મદ્રાસ હાઈકોર્ટની સામે મજદૂર કિસાન પાર્ટી દ્વારા મોટા પાયે પ્રદર્શન કરવામાં આવ્યું અને એક સંકલ્પ પાસ કરાવીને એક સહમતિ કરાઈ કે આ દિવસને ભારતમાં પણ મજૂર દિવસ તરીકે ઉજવવામાં આવે અને એક દિવસ રજાની જાહેરાત કરવામાં આવે. તે સમયે પણ ભારતમાં મજૂરોની જંગ લડવા માટે અનેક નેતાઓ સામે આવ્યાં હતાં. જેમાં દત્તાત્રેય નારાયણ સામંત ઉર્ફે ડોક્ટર સાહેબ અને જ્યોર્જ ફર્નાન્ડિસ પણ સામેલ હતાં.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat



# આજનો દિન વિશેષ

MAY 2

## ચુનીલાલ શાહ જન્મજયંતિ

ચુનીલાલ વર્ધમાન શાહ ગુજરાતી સાહિત્યકાર અને પત્રકાર હતા. તેમનો જન્મ 2 મે 1887 ના રોજ વઢવાણ ખાતે થયો હતો. વ્યવસાયે તેઓ રાજસ્થાન અને જૈનોદય સામાયિકોના સંપાદક હતા. તેમણે અખંડ આનંદનું સંપાદન કરેલું અને પ્રજાબંધુ સાપ્તાહિકના સહતંત્રી હતા. ૧૯૩૭માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો. તેમનું ઉપનામ 'સાહિત્યપ્રિય' હતું. તેમને પ્રમોદા અથવા દિલેર દિલારામ (૧૯૦૭) ધારાનગરીનો મુંજ (૧૯૧૧) ચાણક્ય અને ચંદ્રગુપ્ત નોકરીનો ઉમેદવાર (૧૯૧૪) કર્તવ્ય કૌમુદી (૧૯૧૫) પાટણની પડતીનો પારંભ (૧૯૧૫) ન્યાયના મૂળમાં નીતિ (૧૯૧૬) મૂળરાજ સોલંકી (૧૯૨૦) રૂપમતી (૧૯૪૧) વિષચક્ર(૧૯૪૬) કંટક છયો પંથ (૧૯૬૩) (બૃહદ નવલકથા) જિગર અને અમી જેવી નવલકથાઓ લખી છે. આ ઉપરાંત તેમને ચાંપરાજ હાંડો, દેવકીનંદન, સાક્ષર મહાશય જેવાં નાટકો લખ્યા છે. વર્ષા અને બીજી વાતો તેમનો નવલિકા સંગ્રહ છે. ધરતીને ખોળે તેમનો ચરિત્ર સંગ્રહ છે.


શિક્ષણ જગત

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.

www.shikshanjagat.net

shikshanjagat

# આજનો દિન વિશેષ

World Press Freedom Day

MAY 3

# વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ

**દર વર્ષે 3 મેના રોજ આંતરરાષ્ટ્રીય પ્રેસ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવે છે.** પ્રેસ એ કોઈપણ સમાજનો અરીસો છે. પ્રેસની સ્વતંત્રતા એ સાબિત કરે છે કે તે દેશમાં અભિવ્યક્તિની કેટલી સ્વતંત્રતા છે. ભારત જેવા લોકશાહી દેશમાં અખબારી સ્વાતંત્ર્યની મૂળભૂત જરૂરિયાત છે. આજે આપણે એવી દુનિયામાં જીવીએ છીએ જ્યાં આપણી દુનિયાથી બહાર જવા માટે અને આજુબાજુ બનેલી ઘટનાઓ વિશે જાણવા માટે બહુ સમય નથી. આવી સ્થિતિમાં, પ્રેસ અને મીડિયા અમારા માટે સમાચાર વાહક તરીકે કાર્ય કરે છે, જે દરરોજ સવારે અમારા ટેબલ પર ગરમ સમાચાર આપે છે. આ સમાચાર આપણને વિશ્વ સાથે જોડે રાખે છે. આજે, વિશ્વમાં સમાચાર પહોંચાડવા માટે પ્રેસ એક શ્રેષ્ઠ માધ્યમ છે. વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ પર ભારતમાં પણ પ્રેસની સ્વતંત્રતા પર વાતચીત થવી જરૂરી છે. **ભારતમાં પ્રેસની સ્વતંત્રતા ભારતીય સંવિધાનના અનુચ્છેદ – 19માં ભારતીયોને આપવામાં આવેલા અભિવ્યક્તિની આઝાદીના મૂળ અધિકારથી સુનિશ્ચિત હોય છે.** વિશ્વરસ્તર પર પ્રેસની આઝાદીને સન્માન આપવાને માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘની મહાસભા દ્વારા 3જી મેના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસની ઘોષણા કરવામાં આવે છે જેને વિશ્વ પ્રેસ દિવસના રૂપમાં પણ ઓળખવામાં આવે છે. 'યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી' એ પણ 3 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય પ્રેસ સ્વતંત્રતા' જાહેર કરી. **આને લગતી દરખાસ્ત 1993 માં યુનેસ્કો જનરલ એસેમ્બલીના 26 મા અધિવેશનમાં સ્વીકારવામાં આવી હતી.** યૂનેસ્કો દ્વારા 1997થી દરેક વર્ષે 3જી મેના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ પર ગિલેરમો કોનો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ પ્રાઈઝ પણ આપવામાં આવે છે. આ પુરસ્કાર તે વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવે છે જેણે પ્રેસની સ્વતંત્રતાને માટે ઉમદા કાર્ય કર્યું હોય.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat



# આજનો દિન વિશેષ




## ચંદ્રવદન મહેતા પુણ્યતિથિ

ચંદ્રવદન ચીમનલાલ મહેતા પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર હતા અને કવિ હતા. તેઓ ચં. ચી. મહેતા અથવા ચંદ્રવદન મહેતા એવા ટુંકા નામે ઓળખાતા હતા. ચંદ્રવદન મહેતાનો જન્મ ૬ એપ્રિલ ૧૯૦૧ના રોજ દક્ષિણ ગુજરાતના સુરતમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ વડોદરામાં અને માધ્યમિક શિક્ષણ સુરતમાં પૂર્ણ કર્યા બાદ ૧૯૧૯માં તેઓ મૅટ્રિક થયા. તેઓ ૧૯૭૮માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હતા તેમજ ફૉર્બસ ગુજરાતી સભાના પણ પ્રમુખ રહ્યા હતા. મંચનક્ષમતા ધરાવતાં નાટકો, હાસ્યકટાક્ષથી સ્વીકીય મુદ્રા ધારણ કરતાં કેટલાંક કાવ્યો, ગદ્યની વિલક્ષણ છટાઓ બતાવતી આત્મકથા અને પ્રવાસકથાઓ-એ સર્વ આ લેખકની વિશિષ્ટ વ્યક્તિસંપદાનો સ્પર્શ પામેલા આવિષ્કારો છે. રંગભૂમિની સૂઝથી લખાયેલાં, તખ્તાને જીવંત કરતાં એમનાં નાટકોની સંખ્યા મોટી છે ને એમાં વૈવિધ્ય પણ છે. ટ્રેજેડી, કૉમેડી, ફારસ, ભાંડભવાઈ ઉપરાંત ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક તેમ જ જીવનચરિત્રવિષયક સામગ્રીનો એમણે ઉપયોગ કર્યો છે. નાટકકાર તરીકેની એમની સિદ્ધિ હાસ્યરસમાં છે અને હાસ્યરસમાં પણ એમને અટ્ટહાસ વિશેષ ફાવે છે. એમણે ઓગણત્રીસ જેટલા નાટ્યગ્રંથો આપ્યા છે. ‘અખો’, ‘મૂંગી સ્ત્રી’, ‘અખો વરવહુ અને બીજાં નાટકો’, ‘આગગાડ’, ‘રમકડાંની દુકાન’ ‘નર્મદ’, ‘નાગાબાવા’, ‘પ્રેમનું મોતી અને બીજાં નાટકો’, ‘સીતા’, ‘શિખરિણી’, ‘પાંજરાપોળ’, ‘મેના પોપટ અથવા હાથીઘોડા’, ‘રંગભંડાર’, ‘સોનાવાટકડી’, ‘માઝમરાત’, ‘મદીરા’ (મિડિયા), ‘કિશોર નાટકો’- ભા. 1-2, ‘હોહોલિકા’, ‘કપૂરનો દીવો’, ‘પરમ માહેશ્વર’, ‘સતી’, ‘કરોળિયાનું જાળું’, ‘શકુંતલા અથવા કન્યાવિદાય’, ‘ધરાગુર્જરી’, ‘અંદર અંદર’, ‘અબોલા રાણી’, ‘સંતાકૂકડી’, ‘ચંદ્રવદન મહેતાનાં પ્રતિનિધિ એકાંકીઓ’, ‘અંતર-બહિર અને બીજાં નાટકો’. આગગાડી ચંદ્રવદન મહેતાનું કરુણાન્ત નાટક છે. બાંધ ગઠરિયાં ભા. ૧-૨ ચન્દ્રવદન મહેતાની વિસ્તરેલી આત્મકથાનો એક ખંડ. ૧૯૬૦માં યુનેસ્કો હેઠળની આંતરરાષ્ટ્રીય થિએટર ઇન્સ્ટ્યુટની વિએના ખાતેની પરિષદમાં તેમણે ૨૭ માર્ચને વિશ્વ નાટક દિવસ તરીકે ઉજવવાનો ઠરાવ પસાર કર્યો હતો. તેમના જીવન પર રઘુવીર ચૌધરીએ ત્રીજો પુરુષ નામનું નાટક લખ્યું છે. ૧૯૩૬માં તેમને રણજિતરામ સુવર્ણ ચંદ્રક અને ૧૯૪૨માં નર્મદ સુવર્ણ ચંદ્રક મળ્યો હતો. ૧૯૫૦માં તેમને એનાયત થયેલા કુમાર સુવર્ણ ચંદ્રકનો તેમણે અસ્વિકાર કર્યો હતો. ૧૯૬૨માં તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રી પુરસ્કાર મળ્યો હતો. ૧૯૭૧માં પ્રવાસ ગ્રંથ નાટ્ય ગઠરિયાં માટે તેમને ગુજરાતી ભાષાનો સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. ૧૯૭૧માં તેમને ભારતની સંગીત, નૃત્ય અને નાટ્ય અકાદમી તરફથી સંગીત નાટક અકાદમી પુરસ્કાર પણ મળ્યો હતો. ૧૯૮૪માં, તેમને સંગીત નાટક અકાદમીનું સર્વોચ્ચ સન્માન સંગીત નાટક અકાદમી ફેલોશીપ મળ્યું હતું. એમનું અવસાન ૪ મે, ૧૯૯૧ના દિવસે થયું હતું.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર “JOIN” લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
5

# આજનો દિન વિશેષ




## જ્ઞાની ઝૈલસિંહ જન્મજયંતિ

જ્ઞાની ઝૈલસિંઘ ૧૯૮૨ થી ૧૯૮૭ દરમિયાન ભારતના સાતમા રાષ્ટ્રપતિ હતા. આ પૂર્વે તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કાર્યકર રહ્યા તેમજ ગૃહમંત્રી સહિતના વિવિધ મંત્રી પદ ધરાવતા હતા. આ ઉપરાંત, ૧૯૮૩ થી ૧૯૮૬ દરમિયાન ગુટ નિરપેક્ષ આંદોલનના મહાસચિવ તરીકે પણ કાર્ય કર્યું. તેમના રાષ્ટ્રપતિપદ દરમિયાન ઓપરેશન બ્લુ સ્ટાર, ઈન્દિરા ગાંધીની હત્યા તથા ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો જેવા મુદ્દાઓ જાણીતા છે. તેમનો જન્મ ૫ મે ૧૯૧૬ ના રોજ ફરીદકોટ જિલ્લાના સંધવાન ગામે કિશનસિંહને ત્યાં થયો હતો. જન્મસમયે તેમનું માન જરનૈલ રાખવામાં આવ્યું હતું જેનો સામાન્ય અર્થ જનરલ થતો હતો પરંતુ ફરીદકોટ રજવાડાના મહારાજના શાસનનો વિરોધ કરવાના કારણોસર વારંવાર જેલની સજા ભોગવ્યા બાદ તેમણે તેમનું નામ બદલી નાખ્યું હતું. ઝૈલસિંઘ ૧૯૭૨માં પંજાબના મુખ્યમંત્રી બન્યા. તેમના શાસનકાળ દરમિયાન પારંપરીક શીખ પ્રાર્થના સાથે ધાર્મિક સમારોહોનું આયોજન કરવામાં આવ્યું. ૧૯૮૦ની લોકસભાની સામાન્ય ચુંટણીમાં તેઓ વિજેતા બન્યા અને ઈન્દિરા ગાંધીના વડપણ હેઠળની સરકારમાં ગૃહમંત્રી બન્યા. ૧૯૮૨માં તેઓ સર્વસંમતિથી રાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત થયા. તેમણે ૨૫ જુલાઇ ૧૯૮૨ના રોજ રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. આ પદ પર પહોંચનારા તેઓ પ્રથમ શીખ હતા. તેમના રાષ્ટ્રપતિપદ દરમિયાન ઓપરેશન બ્લુ સ્ટાર, ઈન્દિરા ગાંધીની હત્યા તથા ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો મહત્ત્વના મુદ્દાઓ રહ્યા. ઓપરેશન બ્લુ સ્ટાર બાદ શીખ સમુદાય દ્વારા તેમના પદ પરથી રાજીનામું આપવા દબાણ કરવામાં આવ્યું. ૨૯ નવેમ્બર ૧૯૯૪ ના દિવસે કિરતપુર સાહિબ પાસે એક માર્ગ અકસ્માતમાં તેમની કારેને એક ટ્રકની ટક્કર વાગતાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા.ચંદીગઢ ખાતે સારવાર દરમિયાન ૭૮ વર્ષની વયે તેમનું અવસાન થયું


શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

# આજનો દિન વિશેષ

MAY 6

INTERNATIONAL NO DIET DAY 6 MAY

# આંતરરાષ્ટ્રીય નો ડાયટ દિવસ

આંતરરાષ્ટ્રીય નો આહાર દિવસ 6 મે ના રોજ મનાવવામાં આવે છે, અને તેનું પ્રતીક આછો વાદળી રિબન છે. નો ડાયેટ ડે સૌ પ્રથમ મેરી ઇવાન્સ દ્વારા 1992 માં શરૂ કરવામાં આવ્યો હતો. આ દિવસનો હેતુ વિશ્વભરના પુરુષો અને મહિલાઓને તેમના પોતાના શરીરની પ્રશંસા કરવામાં મદદ કરવાનો હતો. મંદાગ્નિની જાતે જ પસાર થયા પછી, મેરીએ ડાયેટ બ્રેકર્સની શરૂઆત કરી, જે તેનું સંગઠન છે. તે પછી તેણીએ પ્રથમ નો આહાર દિવસ બનાવ્યો, જેનું કારણ ધ્યાન પર લાવ્યું, અને અલબત્ત, તેની સંસ્થા પણ. હવે, દિવસનો ઉપયોગ ઘણાં એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરીને, આહાર અને શરીરની જાગૃતિને લગતા અઘરા મુદ્દાઓનો સામનો કરવા માટે કરવામાં આવે છે. આમાં નીચેનાનો સમાવેશ થાય છે...

- ✓ લોકોને જવાબદારીપૂર્વક અને અસરકારક રીતે આહારની યોગ્ય રીત વિશે શિક્ષિત કરવું
- ✓ બધા લોકોને તેમના આહારમાંથી એક દિવસનો વિરામ લેવાનું
- ✓ વિવિધ આહારો અને કદની વિવિધતાની ઉજવણી

શિક્ષણ જગત

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર “JOIN” લખી મેસેજ કરો.

www.shikshanjagat.net

shikshanjagat

MAY
7

# આજનો દિન વિશેષ



## પન્નાલાલ પટેલ જન્મજયંતિ

**પન્નાલાલ નાનાલાલ પટેલ ગુજરાતી સાહિત્યકાર હતા. તેમનો જન્મ 7 મે 1912 ના રોજ હવે રાજસ્થાન રાજ્યમાં આવેલા ડુંગરપુર જિલ્લાના માંડલી ગામમાં નાનાશા અથવા નાનાલાલ અને હીરાબાને ત્યાં આંજણા ચૌધરી કુટુંબમાં થયો હતો.** 1936 માં અમદાવાદમાં મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં ઈડર શાળાના સહાધ્યાયી ઉમાશંકર જોષી સાથે તેમનો અચાનક સંપર્ક થયો અને તેમના પ્રોત્સાહનથી તેમણે સાહિત્યસર્જનનો પ્રારંભ કર્યો. **તેમણે તેમની પ્રથમ ટૂંકી વાર્તા શેઠની શ્રદ્ધા લખી**. **તેમણે પોતાના સંઘર્ષના દિવસોને 'વાસંતી દિવસો' ગણાવ્યા હતા**. **તેમની કૃતિ 'કંકુ' પરથી ગુજરાતી ફિલ્મ બની હતી. તેમણે 61 નવલકથાઓ, 26 ટૂંકી વાર્તાના સંગ્રહો અને અન્ય ઘણું સર્જન કર્યું હતું. તેમનું મોટાભાગનું લખાણ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાની સ્થાનિક બોલીમાં લખાયેલું છે.**

- **નવલકથા** - માનવીની ભવાઈ, વળામણાં, સુરભિ, મીણ માટીના માનવી, નગદ નારાયણ, અજવાળી રાત અમાસની, એક અનોખી પ્રીત, પાર્થને કહો ચડાવે બાણ, રામે સિતાને માર્યા જો!, શિવપાર્વતી, ભીષ્મની બાણશય્યા, કુબ્જા અને શ્રીકૃષ્ણ, કચ-દેવયાનિ, મળેલા જીવ, આંધી અષાઢની, જાનપદી, ભાંગ્યા ના ભેરૂ ,ઘમ્મર વલોણું, પાછલા બારણે, નવું લોહી, પડઘા અને પડછાયા, નથી પરણ્યા નથી કુંવારા,મનખાવતાર, નાછૂટકે.
- **નવલિકા** - સુખદુઃખના સાથી, ધરતી આભનાં છેટા, રંગમિનારા, બિન્ની, પન્નાલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ, વીણેલી નવલિકાઓ,પાનેતરમાં રંગ,વટ નો કટકો, મનનાં મોરલાં, વાત્રક ને કાંઠે, ચીતરેલી દીવાલો,પીઠીનું પડીકું, જીંદગી ના ખેલ.
- **નાટક** - જમાઇરાજ, ચાંદો શેં શામળો, સપનાનાં સાથી, અલ્લડ છોકરી, સ્વપ્ન, વૈંતરણી ના કાંઠે,ઢોલીયા સાગ સીસમના. **ચિંતન** - પૂર્ણયોગનું આચમન **આત્મકથા** – અલપઝલપ **બાળ સાહિત્ય** - દેવનાં દીધેલ, વાર્તાકલ્લોલ ગુચ્છ, લોકમિનારા, બાળકિલ્લોલપ્રકીર્ણ, કાશીમાની કૂતરી **પ્રકીર્ણ** - અલકમલક, સર્જનની સુવર્ણ સ્મરણિકા, લોકગુંજન

**1950 માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો**. **1985 માં તેમની રચના માનવીની ભવાઈ માટે સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર જ્ઞાનપીઠ પુરસ્કાર તેમને મળ્યો હતો**. **ઉમાશંકર જોષી પછી જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર તેઓ બીજા ગુજરાતી ભાષાના લેખક હતા. પન્નાલાલ પટેલને 'સાહિત્ય જગતનો ચમત્કાર' અને 'ગુજરાતી સાહિત્યનું પરમ વિસ્મય' જેવા બિરુદોથી નવાજવામાં આવ્યા છે.**

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
7

# આજનો દિન વિશેષ



# રવીન્દ્રનાથ ટાગોર જન્મજયંતિ

રવીન્દ્રનાથ ટાગોરનું નામ ભારતીય સાહિત્ય અને સંગીતના ક્ષેત્રમાં ખૂબ જ સન્માનપૂર્વક લેવામાં આવે છે. પ્રેમથી લોકો એમને ગુરુદેવના નામથી બોલાવે છે. તેઓ કવિ, સંગીતકાર, લેખક, શિક્ષાવિદ્ અને ચિત્રકાર પણ હતા. ગુરુદેવને એમની અપ્રતિમ સેવાઓ માટે અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળ્યાં, જેમાં સૌથી પ્રમુખ નોબલ પુરસ્કાર છે. એમણે પોતાની રચનાઓના માધ્યમથી પ્રેમ, એકતા, ભાઈચારો અને શાંતિના સંદેશ ફેલાવ્યા. તેમનો જન્મ ૭ મે ૧૮૬૧ ના રોજ કોલકતામાં થયો હતો. તેઓ કવિ, વિઝ્યુઅલ આર્ટિસ્ટ, નોવેલિસ્ટ, સમાજ સુધારક, નેશનાલિસ્ટ અને બિઝનેસ-મેનેજર અને કંપોઝર પણ હતા. તેમના કાર્યની ઝલક અને અસર ગત ૧૯મી અને તાજેતરની ૨૦મી સદીના બંગાળી સાહિત્ય અને સંગીત પર જોવા મળે છે.તેમણે જ્યારે ૧૯૧૩માં સાહિત્ય માટેનો નોબલ પારિતોષિક મેળવ્યો ત્યારે આ નોબલ પારિતોષિક મેળવનારા તેઓ સૌપ્રથમ એશિયન હતા. ૬ વર્ષની ઉંમરે તેમણે પોતાની પ્રથમ કવિતા ભાનુસિંઘો ("સુર્ય સિંહ")ના નામે લખી. તેમણે પોતાની ટૂંકી વાર્તાઓ અને નાટકો ૧૮૭૭માં લખ્યા. પોતાની જીંદગીના અંતિમ તબક્કા દરમિયાન તેણે બ્રિટિશ રાજ નો વિરોધ કર્યો અને ભારતની સ્વાતંત્ર્ય ચળવળને ટેકો આપ્યો હતો. ટાગોરનું કામ જે કવિતાના સ્વરૂપમાં છે ટાગોરે રચેલી સંસ્થા, વિશ્વ-ભારતી યુનિવર્સિટીમાં સચવાયેલું છે. ટાગોર સાંસ્કૃતિક સુધારાવાદી હતી અને મહાન વિધાપ્રવીણ હતા. જેમણે પરંપરાગત બંગાળી માળખાને આધુનિક સ્વરૂપ આપ્યું હતું. તેમના લખાણના બે ગીતો બાંગલાદેશ અને ભારતના રાષ્ટ્રગાન છે. અનુક્રમે અમાર સોનાર બાંગલા અને જન ગણ મન .ગીતો દેશના રાષ્ટ્રગાન બન્યા છે. ટાગોરને મોટા ભાગે તેમની કવિતાઓના કારણે યાદ કરવામાં આવે છે, પરંતુ તેમણે નવલકથાઓ, નિબંધો, ટૂંકી વાર્તાઓ, પ્રવાસ વર્ણનો, નાટકો અને હજારો ગીતો પણ લખ્યા છે. ટાગોરની કૃતિઓમાં તેમની ટૂંકી વાર્તાઓને કદાચ સૌથી વધુ સન્માન મળ્યું છે.તેમની કૃતિઓએની સરાહના તેની ગતિશીલતા, તેમાં રજૂ થતા આશાવાદ અને કાવ્યાત્મક રજૂઆતના કારણે કરવામાં આવે છે.આ વાર્તાઓ મોટા ભાગે અત્યંત સરળ વિષય પર આધારિત હતી અને સામાન્ય માનવીના જીવનને તેમાં આલેખવામાં આવતું હતું. ટાગોરે પેરટ્સ ટ્રેઇનિંગમાં સમજણ વગરની ગોખણપટ્ટીવાળી શિક્ષણપ્રથાની ટીકા કરી હતી જેમાં એક પક્ષીને પાંજરામાં પુરી રાખવામાં આવે છે અને તે મરી ન જાય ત્યાં સુધી તેને પુસ્તકના પાના ફાડવા ફરજ પાડવામાં આવે છે.  ટાગોરે 11 ઓક્ટોબર 1917ના રોજ જ્યારે કેલિફોર્નિયાના સાંતા બાર્બરાની મુલાકાત લીધી હતી ત્યારે તેમને નવા પ્રકારની યુનિવર્સિટીનો વિચાર આવ્યો હતો અને તેમના આશ્રમ શાંતિનિકેતનને વિશ્વ સાથે જોડતા સેતુ તરીકે વિકસાવવાની ઇચ્છા થઇ હતી.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રૂપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર “JOIN” લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

# આજનો દિન વિશેષ

MAY 8

# વિશ્વ રેડક્રોસ દિવસ

**દર વર્ષે ૮ મી મેના રોજ વિશ્વ રેડ ક્રોસ દિવસ મનાવવામાં આવે છે.** આ વાર્ષિક દિવસનો મુખ્ય હેતુ "આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટ આંદોલન" ઉજવણી કરવાનો છે. દર વર્ષે જરૂરિયાતવાળા લોકોને મદદ કરવાના હેતુથી અભૂતપૂર્વ યોગદાન આપનારા સ્વયંસેવકોને સમર્પિત કરવા માટે ઉજવવામાં આવે છે. **રેડક્રોસના સંસ્થાપક જિન હેનરી ડ્યુનાન્ટના દિવસને વિશ્વ રેડક્રોસ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.** રેડક્રોસ સોસાયટીનું મિશન પ્રેરણા,પ્રોત્સાહન આપવાનું છે જેથી બધા સમયે અને બધી રીતે માનવતાવાદી પ્રવૃત્તિઓ શરૂ કરીને આરંભ કરવાનો ધ્યેય એટલો છે કે માનવીય પીડા ઘટાડી શકાય અને શાંતિપૂર્ણ વાતાવરણ બનાવી શકાય છે. રેડક્રોસ કાર્યક્રમો ચાર મુખ્ય ક્ષેત્રોમાં વિભાજીત છે : માનવીય સિદ્ધાતો અને મૂલ્યોનું ઉત્તેજન,કુદરતી આપત્તિ વખતે પ્રતિક્રિયા આપવી,કુદરતી આપત્તિ વખતે તૈયારી કરવી,સ્વાસ્થ્ય અને સમુદાયની દેખરેખ રાખવી. તેનો મુખ્ય હેતુ મનુષ્ય માટે જીવન અને સ્વાસ્થ્યના રક્ષણ માટે આદર આપવાની અને ખાતરીપૂર્વક પાલન કરવાનો છે.તે અરસપરસની સમજણ,મિત્રતા અને બધાં દેશોના લોકોને પ્રોત્સાહન આપવાનો છે. વિશ્વભરમાં,આંતરરાષ્ટ્રીય રેડક્રોસ અને રેડ ક્રેસન્ટ ચળવળ જેમાં બધા સમાજની બરાબરની ભાગીદારી છે અને એક બીજાને મદદ કરવામાં પોતાની જવાબદારી અને કર્તવ્ય માને છે.

**આ વર્ષના વિશ્વ રેડક્રોસ દિવસ 2021 ની થીમ છે – 'Together we are unstoppable'**

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

# આજનો દિન વિશેષ

MAY 8

# વિશ્વ થેલેસેમિયા દિવસ

**થેલેસેમિયાના રોગ અંગે લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી તા.8મી મેના રોજ વિશ્વ થેલેસેમિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.** આ રોગ જન્મજાત છે. **સ્વસ્થ વ્યકિતમાં રકતકણનું આયુષ્ય 100 થી 120 દિવસનું હોય છે. ત્યાર બાદ રકતકણ ફરીથી બને છે. જયારે થેલેસેમિયા ગ્રસ્તમાં રકતકણનું આયુષ્ય 60 થી 100 દિવસનું હોય છે.** આમ,રકતકણનું આયુષ્ય ટુંકુ હોવાથી હીમોગ્લોબીન બનતુ નથી. થેલેસેમીયાના દર્દીને ખૂબ જ થાક લાગે છે. હાંફ ચડે છે. શ્વાસોચ્છવાસ ઝડપી હોય છે. હાથ-પગ સામાન્ય સંજોગોમાં ખૂબ જ ઠંડા જણાય છે. આંખો અને હથેળીમાં ફિક્કાશ જોવા મળે છે. થેલેસેમીયાના બે પ્રકાર છે- આલ્ફા અને બીટા, જેને સામાન્ય વ્યવહારમાં થેલેસેમીયા માઇનોર અને થેલેસેમીયા મેજર તરીકે ઓળખવામાં આવે છે. થેલેસેમીયાના દર્દીને કોઇ પણ સામાન્ય રોગનો ચેપ ખૂબ જ ઝડપથી લાગતો હોય છે. આ રોગ આનુવંશિક છે. માતા અથવા પિતા બંનેમાંથી કોઇ પણ એકને થેલેસેમીયા માઇનોર હોય તો બાળકને થેલેસેમીયા માઇનોર થઇ શકે છે. માતા અને પિતા બંનેને થેલેસેમીયા માઇનોર હોય તો તેમના બાળકને થેલેસેમીયા મેજર થવાની શક્યતા ખૂબ ન વધી જાય છે. આ રોગ બારમા અને તેરમા રંગસૂત્રમાં ખામી સર્જાવાથી થાય છે. આપણે જે ખોરાક લઇએ છીએ, તેમાંથી શરીરને લોહતત્વ મળે છે. હાડકાંમાં રહેલો માવો(બોન મેરો અથવા અસ્થિમજ્જા) આ લોહતત્વમાંથી હીમોગ્લોબિન બનાવે છે. આખા શરીરમાં ઓક્સિજનનું વહન હીમોગ્લોબિન મારફતે જ થાય છે. થેલેસેમીયા માઇનોરવાળી વ્યક્તિમાં અસ્થિમજ્જા શરીરમાં બનેલા લોહતત્વનું પૂરતા પ્રમાણમાં હીમોગ્લોબિનમાં રૂપાંતર થઇ શકતું નથી, જેને લીધે શરીરના બધા અવયવોને પૂરતો ઓક્સિજન મળી શકતો નથી. અને લાંબે ગાળે અવયવોની કાર્યક્ષમતા ઘટે છે. થેલેસેમીયા માઇનોરના દર્દી આજીવન ગુણવત્તાયુક્ત ખોરાક લઇને સામાન્ય જીંદગી જીવી શકે છે, પરંતુ થેલેસેમીયા મેજરના દર્દીનું આયુષ્ય વધુમાં વધુ 25 થી 30 વર્ષનું હોય છે.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY 9

# આજનો દિન વિશેષ



## ગોપાલકૃષ્ણ ગોખલે જન્મજયંતિ

ગોપાલ કૃષ્ણ ગાંધીનો જન્મ બ્રિટીશ ભારતના મુંબઇ પ્રાંત અંતર્ગત રત્નાગિરી જિલ્લાના કોટલુક ગામે ૯ મે ૧૮૬૬ના રોજ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. ગોપાલ કૃષ્ણ ગોખલે ભારતીય સ્વતંત્રતા ચળવળના ઉદારવાદી રાજનેતા અને સમાજ સુધારક હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને 'સર્વન્ટ્સ ઓફ ઇન્ડિયા સોસાયટી'ના સ્થાપક હતા. સોસાયટી ઉપરાંત કોંગ્રેસ તેમજ અન્ય ધારાસભા એકમોની મદદથી તેમણે સ્વશાસન અને સમાજ સુધારણા અભિયાન ચલાવ્યા. તેઓ કોંગ્રેસ પક્ષના ઉદારવાદી જૂથના નેતા હતા જેમણે પ્રવર્તમાન સરકારી સંસ્થાઓ સાથે કામગીરી કરીને સુધારાઓની હિમાયત કરી. ગોખલે ૧૮૮૯માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય બન્યા. બાલ ગંગાધર તિલક, દાદાભાઇ નવરોજી, બિપિનચંદ્ર પાલ, લાલા લાજપતરાય, એની બેસન્ટ જેવા સમકાલીન નેતાઓની સાથે ગોખલે પણ સામાન્ય ભારતીયો માટે સાર્વજનિક વિષયો પર વધુ રાજનૈતિક પ્રતિનિધિત્વ અને શક્તિ પ્રાપ્ત કરવા માટે દશકો સુધી સંઘર્ષરત રહ્યા. ગોખલે અને તિલક બન્ને ૨૦મી સદીના શરૂઆતના પ્રથમ કક્ષાના રાજનેતાઓ હતા પરંતુ તેમની વિચારધારાઓમાં મતભેદ રહ્યા. ગોખલે ઉદારવાદી મત ધરાવતા હતા જ્યારે તિલક કટ્ટરપંથી વિચાર ધરાવતા હતા અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે બળપ્રયોગ કરવાના પક્ષધર હતા. ગોખલેના મતે સ્વશાસન મેળવવાનો સાચો રસ્તો સંવૈધાનિક સાધનોનો ઉપયોગ કરી બ્રિટીશ શાસનનો સહયોગ કરવાનો હતો જ્યારે તેનાથી વિપરિત તિલકનો મત વિરોધ, બહિષ્કાર અને આંદોલનનો હતો. તેઓ મહાત્મા ગાંધીજીના રાજનીતીક ગુરુ હતા. જેમણે ગાંધીજીને દેશ માટે લડવાની પ્રેરણા આપી. કંઠસ્થ કરવાનો તેમને શોખ હતો. તેમની મહેચ્છા તો આઇ.સી.એસ. થવાની હતી, પરંતુ સંજોગોવશાત પ્રથમ શિક્ષક તરીકે અને પછી દેશભકત તરીકે તેઓ પ્રસિદ્ધ થયા.ગોખલે હંમેશા અંગ્રેજીમાં જ ભાષણ કરતા. મહાત્મા ગાંધીના રાજકીય ગુરૂની ઓળખ ધરાવતા શ્રી ગોખલેએ તત્કાલીન ભારતના રાજકીય, આર્થિક, શૈક્ષણિક જેવા વિવિધ પ્રશ્નોની છણાવટ ભાષણો દ્વારા કરી. તત્કાલીન વાઇસરોય લોર્ડ મિન્ટોએ પણ આવા અભ્યાસપૂર્ણ ભાષણોની સંસદમાં પ્રશંસા કરી હતી.રાનડેએ સ્થાપેલી 'સાર્વજનિક સભા' ના મુખપત્રના ગોખલે મંત્રી હતા

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
10

# આજનો દિન વિશેષ



## ગટુભાઈ ધ્રુવ જન્મજયંતિ

ગુજરાતના સુપ્રસિદ્ધ કેળવણીકાર , સાહિત્યકાર અને પ્રખર સમાજસુધારક શ્રી ગટુભાઈ ધ્રુવનો જન્મ તા. ૧૦/૫/૧૮૮૫ના રોજ અમદાવાદમાં વડનગરા નાગર બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતાનું નામ ગોપીલાલ અને માતાનું નામ બાળાબેન હતું. તરો શ્રી નરસિંહરાવ ભોળાનાથના ભાણેજ થતા હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ ઉમરેઠ અને ત્યારપછીનું શિક્ષણ અમદાવાદ અને મુબઈમાં લીધું હતું. ઈ.સ. ૧૮૯૮માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. અને ઉચ્ચ અભ્યાસ અર્થે ગુજરાત કોલેજમાં જોડાયા હતા. ઈ.સ. ૧૯૦૪માં મુંબઈની વિલ્સન કોલેજમાં તર્કશાસ્ત્ર અને મોરલ ફિલોસોફી વિષયો સાથે બી.એ.પાસ કર્યું હતું. તેમના લગ્ન અમદાવાદના શ્રી રણછોડલાલ આનંદરાય દિવેટિયાની પુત્રી શ્રીદેવી સાથે થયા હતા. ધર્મ, તત્વજ્ઞાન અને સમાજશાસ્ત્ર તેમના પ્રિય વિષયો હતા. તેમના જીવન પર નારાયણ હેમચંદ્રના પુસ્તકોએ તથા ટાગોરની ‘ સાધના’ અને બાઈબલ ધર્મ પુસ્તકે અસર કરી હતી. શ્રી ગટુભાઈ ધ્રુવનું સમાજસુધારણાઅને શિક્ષણના ક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન રહ્યું હતું. અમદાવાદની અનેક સામાજિક અને સાહિત્યિક સંસ્થાઓમાં વર્ષો સુધી સેવાઓ આપી હતી. તેમેણ વિધવાઓ પ્રત્યે સહાનુભૂતિ હતી. તેમણે પગભર બનાવવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. કેળવણીમાં ઊંડો રસ હતો. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના મંત્રી તરીકે વર્ષો સુધી સેવા આપી હતી. ગુજરાતના લોકજીવન, રીતભાત, સંસ્કારિતા અને ઐતિહાસિક સ્થળોનો સારો એવો અભ્યાસ કરવાની તક મળી હતી. તેમણે ‘ રાજારામમોહનરાય’, ‘ ઇસુખિસ્તનું જીવન’, ‘પ્રજ્ઞાપારમિતા સૂત્ર’ , ‘ હિંદુ સ્ત્રીઓની ઉન્નતિમાં ગાળેલા મારા વીસ વર્ષ’, ‘ બ્રાહ્મણ ધર્મ’ વગેરે પુસ્તકો તેમના નોંધપાત્ર છે. ગુજરાતના સુશિક્ષિત, સંસ્કારી અને સારસ્વત ગટુભાઈ ધ્રુવનું તા. ૨૪/૫/૧૯૬૮ના રોજ અવસાન થયું હતું.

શિક્ષણ જગત

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર “JOIN” લખી મેસેજ કરો.

www.shikshanjagat.net

shikshanjagat

MAY 11

# આજનો દિન વિશેષ

National Technology Day
May 11th

## નેશનલ ટેકનોલોજી દિવસ

નેશનલ ટેક્નોલોજી દિવસ 11 મે ના દિવસે ઉજવવામાં આવે છે. આજના દિવસે દેશમાં ટેક્નોલોજી ક્રાંતિ આવી હતી. આજનો દિવસ 1998ના ‘પોખરણ પરમાણું ટેસ્ટ’ અને અંતરિક્ષમાં ભારતની મોટી પ્રગતિના રૂપમાં ઇતિહાસમાં નોંધાયેલો છે. આજના દિવસે જ ભારતીય સેનાના પોખરણ પરીક્ષણ રેંજમાં ભારત દ્વારા કરવામાં આવેલા પાંચ પરમાણુ બોમ્બ વિસ્ફોટોની સીરીઝમાં પ્રથમ પગલું હતું. આ પોખરણમાં પાંચ પરમાણું પરીક્ષણોથી પહેલું હતું. ભારતે આજના દિવસે ઓપરેશન શક્તિ મિસાઇલને સફળતાપૂર્વક ફાયર કર્યું હતું. ભારતે પરમાણું મિસાઇલનું ટેસ્ટિંગ કરતાં દુનિયાભરમાં ન્યૂક્લિયર ખેલને સંપૂર્ણપણે બદલી દીધો. ડોક્ટર એપીજે અબ્દુલ કલામ અને પૂર્વ વડાપ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના લીધે પશ્ચિમી શક્તિઓના ક્યારેય ખતમ ન થનાર પ્રભુત્વને પડકાર ફેંક્યો ભારતે પરમાણું ટેસ્ટ ગુપ્ત રીતે કામ કર્યું હતું. 1995માં ભારતના પ્રયાસ અંગે અમેરિકી જાસૂસોએ જાણી લીધું હતું અને દબાણામાં ભારતને પોતાનું પરીક્ષણ ટાળવું પડ્યું હતું. આ વખતે ભારત કોઇ કસર છોડવા માંગતું ન હતું. પરીક્ષણ સ્થળનું કલામ અને તેમની ટીમે ઘણીવાર મુલાકાત લીધી. તે ઘણા મહિના સુધી આ ક્ષેત્રમાં સૈન્ય અધિકારીના રૂપમાં ફરતા રહ્યા પરંતુ કોઇને ખબર ન પડી અને પછી સફળ પરીક્ષણ થયું. 11 મે 1998ના રોજ સવારે થારના રણમાં પોખરણના ખેતોલાઇ ગામ પાસે ભારતે પોતાનું પરમાણું પરીક્ષણ કર્યું હતું. વ્હાઇટ હાઉસ નામથી બનાવવામાં આવેલા શાફ્ટમાં બ્લાસ્ટ થયો. ભારતે 58 કિલો ટન ક્ષમતાના પરમાણું બોમ્બનું પરીક્ષણ કરીને બધાને અચંબિત કરી દીધા હતા. આ અમેરિકા તરફથી બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાપાનના હિરોશિમામાં નાખવામાં આવેલા પરમાણું બોમ્બ લિટિલ બોટથી ચાર ગણો વધુ શક્તિશાળી હતો. દુનિયા હકબક રહી ગઇ કે ભારતે આ કારનામું કેવી રીતે કર્યું પરંતુ ભારત પોતાનું કામ કરી ચૂક્યું હતું. પરમાણું પરીક્ષણો ઉપરાંત ભારતે રાષ્ટ્રીય એયરોસ્પેસ પ્રયોગશાળાઓ, બેંગલુરૂ દ્વારા વિકસિત પોતાના પહેલા સ્વદેશી વિમાન- હંસા 3નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. આ ઉપરાંત ભારતના ડીઆરડીઓએ ભારતની સપાટીથી હવામાં માર કરનાર મિસાઇલ ત્રિશૂલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરેને આ દિવસની ઉપલબ્ધિમાં ચાર ચાંદ લગાવી દીધા. આ સેના અને નૌસેના દ્વારા સામેલ કરવામાં આવ્યા અને ભારત નિર્દેશિત મિસાઇલ વિકાસ કાર્યક્રમનો એક ભાગ બની ગયા.


शिक्षण जगत

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર “JOIN” લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat




# આજનો દિન વિશેષ




## આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ

**સમગ્ર દુનિયામાં દર વર્ષે મે મહિનાની 12મી તારીખને આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.** એક દર્દીને નવું જીવન આપવામાં જેટલું યોગદાન એક ડોક્ટરનું હોય છે એટલું જ એક નર્સનું હોય છે. એક નર્સ દર્દીની સેવા તન-મનથી કરતી હોય છે. નર્સ પોતાની પરવા કર્યા વગર એક દર્દીનો જીવ બચાવે છે. આ દિવસ નર્સના એ અમૂલ્ય યોગદાનને સમર્પિત કરવામાં આવ્યો છે. **આ સાથે જ દુનિયામાં નર્સિંગની સંસ્થાપના કરનારા ફ્લોરેન્સ નાઈટિંગલ (Florence Nightingale)ને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવે છે. 'ફ્લોરેન્સ નાઈટિંગલ'ની યાદમાં દર વર્ષે 12મી મેનો દિવસ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ક્રીમિયા યુદ્ધ દરમિયાન તેમણે લાલટેન લઈને સૈનિકો અને દર્દીઓની સેવા પૂરેપૂરા સમર્પણ સાથે કરી હતી. આ જ કારણે તેમને 'લેડી વિથ ધ લેમ્પ' પણ કહેવાય છે. ફ્લોરેન્સ નાઈટિંગલ બ્રિટિશ પરિવારમાં 12મી મે 1820ના રોજ જન્મ્યા હતાં. તેમની સેવા ભાવનાને લોકો આજે પણ યાદ કરે છે. 1860માં તેમણે સેન્ટ ટોમસ હોસ્પિટલ અને નર્સો માટે નાઈટિંગલ ટ્રેનિંગ સ્કૂલની સ્થાપના કરી હતી. આ દિવસને પહેલીવાર ઉજવવાનો પ્રસ્તાવ અમેરિકાના સ્વાસ્થ્ય, શિક્ષણ અને કલ્યાણ વિભાગના અધિકારી ડોરોથી સુદરલેન્ડે મૂક્યો હતો. આ પ્રસ્તાવ 1953માં મૂકાયો હતો. આ દિવસને ઉજવવાની જાહેરાત અમેરિકાના રાષ્ટ્રપતિ ડેવિટ ડી. આઈઝનહાવરે કરી હતી.** 1974ના જાન્યુઆરી મહિનામાં જાહેરાત કરાઈ હતી કે 12મી મેના દિવસને આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ તરીકે ઉજવવામાં આવશે. 12મી મેના રોજ ફ્લોરેન્સ નાઈટિંગલનો જન્મ થયો હતો. જેઓ આધુનિક નર્સિંગના સંસ્થાપક છે. દર્દીઓને સ્વસ્થ રાખવામાં નર્સોનું ખુબ મોટું યોગદાન ગણવામાં આવે છે. નર્સોને તાલિમ આપવામાં આવે છે કે તેઓ પોતાના દર્દીઓની મદદ મનોવૈજ્ઞાનિક, સામાજિક અને ચિકિત્સકિય રીતે પૂરેપૂરા સમર્પણ સાથે કરશે. નર્સોના યોગદાનને આ દિવસે રેખાંકિત કરાય છે. નર્સોનું દુનિયામાં શું મહત્વ છે, તે અંગે માહિતગાર કરાય છે. આજના સમાજમાં નર્સોને સન્માનની દ્રષ્ટિએ જોવામાં આવે છે. **અનેક નર્સોને દર વર્ષે 12મી મેના રોજ રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઈટિંગલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. ભારત સરકારના પરિવાર અને કલ્યાણ મંત્રાલયે તેની શરૂઆત 1973થી કરી હતી. ભારતમાં અત્યાર સુધીમાં કુલ 250 નર્સોને આ પુરસ્કારથી સન્માનિત કરાયા છે.**

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY 13

# આજનો દિન વિશેષ



# પ્રભાશંકર સોમપુરા જન્મજયંતિ

**પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા જાણીતા સ્થપતિ અને શિલ્પશાસ્ત્રી હતા.** તેઓ પદ્મશ્રીથી સન્માનિત હતા. તેમનો જન્મ ભારતના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા **પાલીતાણા ખાતે 13 મે 1896 ના દિવસે શિલ્પકળા માટે જાણીતા એવા સોમપુરા પરિવારમાં થયો હતો.** સાતમા ધોરણ સુધી ગુજરાતીમાં અને સંસ્કૃતનો અલ્પ અભ્યાસ કરીને તેઓ પોતાના પારિવારીક વ્યવસાયમાં જોડાયા; તેમણે ઘરમાં પૂર્વજોએ સંગ્રહેલા શિલ્પશાસ્ત્રોના ગ્રંથોનો અભ્યાસ પણ કર્યો હતો. પ્રભાસ પાટણમાં વીખરાયેલા સોમનાથ મંદિરના નવનિર્માણ માટે જે સમિતિ બની હતી તેણે નિર્માણકાર્ય માટેના મુખ્ય સ્થપતિ તરીકે સોમપુરાની નિમણૂક કરી કરી. તેમણે પચાસ લાખ રૂપિયાના ખર્ચે બંધાયેલ આ મંદિરના મહામેરુપ્રાસાદનું આયોજન કર્યું. તેમણે નિર્માણ કરેલાં સ્થાપત્યોમાં શામળાજી મંદિર પુનરોદ્ધાર કૃષ્ણ જન્મસ્થાન મથુરા, રામ મંદિર દિલ્હી, લક્ષ્મીનારાયણ મંદિર ઉધના, અંબાજી માતા મંદિર અંબાજી વગેરે જાણીતાં છે. એમણે શિલ્પશાસ્ત્રને લગતો દિપાર્ણવ ગ્રંથ પણ પ્રસિદ્ધ કર્યો હતો અને આ જ વિષય પર લગભગ 14 જેટલા ગ્રંથોનું સંપાદન કાર્ય કર્યું હતું. રાષ્ટ્રપતિએ ચાર હજાર રૂપિયાનો પુરસ્કાર આપીને તેમનું બહુમાન કર્યું હતું અને શંકરાચાર્યે તેમને શિલ્પ વિશારદની પદવી આપી હતી. તેમને 1973 માં ભારત સરકાર તરફથી પદ્મશ્રી પુરસ્કાર પણ એનાયત થયો હતો. તેમનું અવસાન 82 વર્ષની વયે 28 મે 1978 ના દિવસે થયું હતું.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY 14

# આજનો દિન વિશેષ



## છત્રપતિ સંભાજી રાજે જન્મજયંતિ

14 મે 1657 ના દિવસે પુરંદરગઢ પર સ્વરાજ્યના બીજા છત્રપતિ સંભાજી રાજેનો જન્મ થયો. શ્રી છત્રપતિ સંભાજી રાજે શિવાજી મહારાજના સૌથી મોટા પુત્ર હતા. સંભાજી રાજાએ નાની ઉંમરમાં કરેલા અલૌકિક કાર્યથી સંપૂર્ણ હિંદુસ્થાન પ્રભાવિત થયું. ૨૪ તે ૩૨ વર્ષની આયુમાં તેમણે મુગલો સાથે યુદ્ધ કર્યું અને તેમા આ યોદ્ધો એક વાર પણ પરાજીત થયો ન હોતો. આથી જ ઔંરગઝેબને દીર્ઘકાળ સુધી મહારાષ્ટ્રમાં યુદ્ધ કરવુ પડ્યુ. આથી સંપૂર્ણ ઉત્તર હિંદુસ્થાન મુક્ત રહ્યું. આ સંભાજી મહારાજાએ કરેલું સૌથી મોટું કાર્ય છે. જો તેમણે ઔંરગઝેબ સાથે સંધિ કરી હોત અથવા તેનું આધિપત્ય સ્વીકાર્યું હોત તો ૨-૩ વર્ષમાં તે ઉત્તર હિંદુસ્થાનમાં પહોંચી ગયો હોત. પરંતુ સંભાજી મહારાજા સાથેનાં સંઘર્ષને લીધે ઔંરગઝેબને ૨૭ વર્ષો સુધી દક્ષિણ ભારતમાં રોકાવું પડ્યું. આથી ઉત્તરમાં બુંદેલખંડ, પંજાબ અને રાજસ્થાનમાં હિંદુઓની નવી સત્તાઓ સ્થાપિત થઈને હિંદુ સમાજને સુરક્ષા મળી. સંભાજી મહારાજ ૧ ફેબ્રુઆરી ૧૬૮૯ ના દિને પત્નીના સગા ભાઈ ગણોજી શિર્કેની ગદ્દારીના કારણે પકડાઈ ગયા. ક્રૂર ઔરંગઝેબે તેને કહ્યું, 'મુસલમાન બનીશ તો જીવતદાન મળશે'; પરંતુ સ્વાભિમાની સંભાજીરાજાએ પોતાના વ્યક્તિગત સુખના બદલે હિંદુત્વના ગર્વને મહત્વપૂર્ણ માન્યું. ધર્મપરિવર્તન નકારવાથી ઔરંગઝેબે રાજાની આંખો ફોડી નાંખી, જીભ કાપી નાંખી. નવવર્ષારંભ દિને હિંદુઓને અપમાનિત કરવા માટે તેના એક દિન પૂર્વ ફાગણ અમાસે સંભાજી રાજાની હત્યા કરી તેનું મસ્તક ભાલાની નોક પર લટકાવી તેને સર્વ તરફ ફેરવવામાં આવ્યું. ધર્મ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા આ રાજા ઇતિહાસમાં અમર થઈ ગયા. હિંદુઓએ પોતાના રાજાની હત્યાના પ્રતિશોધમાં, ત્યાર પછી પેશવાના કાળખંડમાં મરાઠાઓએ મોગલોને પરાજિત કરી કાશી-મથુરા આદિ તીર્થક્ષેત્રો સહિત ઉત્તર ભારતના વિશાળ ક્ષેત્ર પર હિંદુ સામ્રાજ્ય સ્થાપિત કર્યું.


શિક્ષણ જગત

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.

www.shikshanjagat.net

shikshanjagat

MAY 15

# આજનો દિન વિશેષ

## વિશ્વ કુટુંબ દિવસ

વિશ્વ કુટુંબ દિવસ 15 મે ના રોજ ઉજવવામાં આવે છે. પ્રાણી વિશ્વમાં, કુટુંબ સૌથી નાનું એકમ છે અથવા આ સમાજમાં પણ, કુટુંબ સૌથી નાનું એકમ છે. તે સામાજિક સંગઠનનું મૂળભૂત એકમ છે. પરિવારની ગેરહાજરીમાં, માનવ સમાજની કામગીરીની કલ્પના કરવી મુશ્કેલ છે. દરેક વ્યક્તિ કેટલાક પરિવારનો સભ્ય રહ્યો છે અથવા છે. તેનું અસ્તિત્વ તેના સિવાય વિચારી શકાય નહીં. 1994 ના વર્ષને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા દ્વારા આંતરરાષ્ટ્રીય કૌટુંબિક વર્ષ તરીકે ઘોષિત કરવામાં આવ્યું. વિશ્વભરના લોકોમાં પરિવારના મહત્વને પહોંચાડવા માટે દર વર્ષે 15 મેના રોજ આંતરરાષ્ટ્રીય કુટુંબ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વલણ 1995 થી ચાલુ છે. પરિવારના મહત્વને સમજાવવા માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આ દિવસ માટે પસંદ કરેલા પ્રતીકમાં લીલોતરી વર્તુળની મધ્યમાં એક હૃદય અને ઘર લખાયેલું છે. આમાંથી સ્પષ્ટ થાય છે કે કોઈપણ સમાજનું કેન્દ્ર એ કુટુંબ હોય છે. કુટુંબ પોતે જ તમામ ઉંમરના લોકોને આરામ આપે છે. વસુદેવ કુટુંબકમ, આખું વિશ્વ એક પરિવાર છે, અને આખા વિશ્વને આ સંદેશો પહોંચાડવામાં ભારતનું બહુ મોટું યોગદાન રહ્યું છે. આજે આખું વિશ્વ જ્યારે Covid 19 જેવા રોગ સામે લડી રહ્યું છે, ત્યારે લોક રક્ષક ગણાતા એવા આપણા પોલીસ અને ડોક્ટરો આપણી સહુલિયત અને સારસંભાળ માટે પોતાનું જીવન જોખમે મૂકે છે.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
16

# આજનો દિન વિશેષ




## રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ

ડેન્ગ્યુ રોગ વિશે જાગૃતતા લાવવા તથા ટ્રાન્સમિશન સીઝન શરૂ થાય તે પહેલાં દેશમાં રોગના નિયંત્રણ માટે નિવારક પગલાંને વેગ **આપવા ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની ભલામણ સાથે 16 મી મેના રોજ "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે.** ડેન્ગ્યુ તાવનો ફેલાવો-ડેન્ગ્યુ ઉત્પન્ન કરતા વિષાણુ ચેપી મચ્છરના કરડવાથી થાય છે. **આ માદા એડીસ મચ્છર કાળા કલરનો સફેદ ટપકાવાળો હોય છે.** આ મચ્છર ડેન્ગ્યુના દર્દી ને કરડી ચેપી બની એકઅઠવાડીયા પછી આ ચેપી મચ્છર સ્વસ્થ માણસને કરડી ચેપ ફેલાવે છે. સખત તાવ આવવાની સાથે આંખોના ડોળાનીપાછળ દુખાવોથાય, હાથ અને ચહેરા પર ચકામા પડે,નાક,મોં તેમજ પેઢામાંથી લોહીપડે,ઉલટી-ઉબકા થાય. ઉકત લક્ષણો જણાયે તુરંત ડોકટરનો સંપર્ક કરવો, સમયસર સારવાર લેવાથી અને તકેદારી રાખવાથી ડેન્ગ્યુ રોગથી બચી શકાય છે. ડેન્ગ્યુ ફેલાવવા એડીસ મચ્છર આપણા ઘરમાં તથા ઘરની આસપાસ રહેલ માનવસર્જિત પાત્રોમાં જ ઉત્પન્ન થાય છે. આ મચ્છર ચોખ્ખા અને બંધિયાર પાણીમાં ઉત્પન્ન થાય છે. માનવસર્જીત પાત્રો જેવા કે સિમેન્ટની ટાંકા, બેરલ, કેરબા, માટલા, ટાયર, ફ્રિજની પાછળની ટ્રે, ફુલદાની, કુલર, ફુલછોડના કુંડા, ભંગાર, અગાશી, છજજામાં જમા રહેતા પાણીમાં જ આ મચ્છર ઇંડામ મુકે છે. જેમાંથી ૭-૧૨ દિવસમાં પુખ્ત મચ્છર બને છે. **ડેન્ગ્યુ રોગથી બચવા ચોમાસા પહેલાં જ દર અઠવાડિયે એકવાર આ પ્રમાણે ઉપાયો કરવા** :- ઘરોમાં પાણી ભરેલાં દરેક પાત્રોને હવાચુસ્ત ઢાંકણથી ઢાંકીને રાખો. ઘરોમાં પાણી ભરેલાં દરેક પાત્રોને દર અઠવાડિયે એક વખત ખાલી કરીને, અંદરની સપાટીને ઘસીને સાફ કરીને,તડકે સૂકવી, ફરીથી ભરો. વરસાદી પાણી ભરાઇ શકે તેવા અગાસી પર પડેલા ભંગારનો નિકાલ કરો. નળની કુંડીને પાણી ગયા બાદ ખાલી કરીને કપડાંથી અચૂક સાફ કરો, તેવો મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
17

# આજનો દિન વિશેષ




## વિશ્વ ઉચ્ચ રક્તચાપ દિવસ
## World Hypertension Day

**હાઈ બ્લડ પ્રેશરનું બીજું નામ હાયપરટેન્શન અથવા હાયપરટેન્શન છે.** આપણા શરીરમાં હાજર લોહી નસોમાં સતત ચાલે છે અને આ લોહી દ્વારા શરીરના તમામ અવયવોમાં ઊર્જા અને પોષણ માટે ઓક્સિજન, ગ્લુકોઝ, વિટામિન્સ, ખનિજો વગેરેની આવશ્યકતા રહે છે. બ્લડ પ્રેશર એ પ્રેશર છે જે લોહીના પ્રવાહને કારણે નસોની દિવાલો પર પડે છે. આ બ્લડ પ્રેશર સામાન્ય રીતે તે દર પર આધાર રાખે છે કે જેનાથી હૃદય લોહીને પમ્પ કરે છે અને રક્ત નસોમાંથી પ્રવાહમાં આવવા માટેના અવરોધોની સંખ્યા. **તબીબી સલાહ અનુસાર, બ્લડ પ્રેશર 130/80 mmHgથી વધુમાં હાયપરટેન્શન અથવા હાઈ બ્લડ પ્રેશરની શ્રેણીમાં આવે છે.** ખોટી આહાર અને ખોટી આદતોને કારણે, લોકો હાયપરટેન્શનનો અનુભવ કરવાનું શરૂ કરે છે. લોકોમાં હાયપરટેન્શન અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 17 મે ના રોજ વર્લ્ડ હાયપરટેન્શન ડે મનાવવામાં આવે છે. આ ખતરનાક રોગને કેવી રીતે અટકાવવો તે પણ તેમને કહેવામાં આવ્યું છે. **વર્ષ 2005 માં વર્લ્ડ હાયપરટેન્શન લીગ દ્વારા પ્રથમ વખત વર્લ્ડ હાયપરટેન્શન ડેની ઉજવણી કરવામાં આવી હતી.** હાયપરટેન્શન એ એક રોગ છે જેમાં તમારું હૃદય, કિડની અને શરીરના અન્ય ભાગ ધીમે ધીમે કામ કરવાનું બંધ કરી શકે છે. હાયપરટેન્શન મૌન કિલર છે. હાયપરટેન્શન ઘણાં કારણોને લીધે થાય છે, જેમાંથી કેટલાક શારીરિક અને કેટલાક માનસિક છે. **બ્લડ પ્રેશર હાયપરટેન્શનમાં 140 ની પાર પહોંચે છે.**

शिक्षण जगत

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
17

# આજનો દિન વિશેષ




## વિશ્વ દુરસંચાર દિવસ

**વિશ્વ દુરસંચાર દિવસ - 'વર્લ્ડ ટેલિકોમ ડે' દર વર્ષે 17 મે ના રોજ મનાવવામાં આવે છે**. આધુનિક યુગમાં, ફોન, મોબાઇલ અને ઇન્ટરનેટ એ લોકોની પ્રથમ જરૂરિયાત બની છે. તેના વિના જીવનની કલ્પના કરવી ખૂબ મુશ્કેલ છે. આજે તે માણસના અંગત જીવનથી લઈને સમગ્ર વ્યાવસાયિક જીવનમાં ઘૂસી ગયો છે. પહેલાં, કોઈને પણ સંપર્કમાં આવવા માટે લોકોને ખૂબ જ સંઘર્ષ કરવો પડતો હતો, આજે, મોબાઇલ અને ઇન્ટરનેટએ તેને ખૂબ સરળ બનાવ્યું છે. કોઈ વ્યક્તિ સેકન્ડોમાં ખૂબ જ સરળ રીતે મિત્રો, કુટુંબ અને સંબંધીઓનો સંપર્ક કરી શકે છે. આ ટેલિકમ્યુનિકેશન્સની ક્રાંતિ છે, જેના કારણે ભારત જેવા કેટલાક વિકાસશીલ દેશોની ગણતરી વિશ્વના કેટલાક દેશોમાં થાય છે, જેમની અર્થવ્યવસ્થા ઝડપથી વિકસી રહી છે. **'વિશ્વ ટેલિકમ્યુનિકેશન ડે' ઉજવવાની પરંપરા 17 મે 1865 ના રોજ શરૂ થઈ હતી, પરંતુ આધુનિક સમયમાં તે 1969 માં શરૂ થઈ હતી.** ત્યારથી, તે વિશ્વભરમાં આનંદ સાથે ઉજવવામાં આવે છે. **આ ઉપરાંત, નવેમ્બર 2006 માં તુર્કીમાં પૂર્ણ પૂર્ણાધિકારી પરિષદમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે 'વર્લ્ડ ટેલિકોમ' અને 'ઇન્ફોર્મેશન' અને 'સોસાયટી ડે', ત્રણેયને સાથે મળીને ઉજવવા જોઈએ.** હાલમાં, ટેલિકમ્યુનિકેશનનો મોટો ભાગ ઇન્ટરનેટ છે. તેમાં કોઈ શંકા નથી કે જે લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે તેમના જીવનમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ઇન્ટરનેટથી તેમનું જીવન ખૂબ સરળ થઈ ગયું છે. આ દ્વારા, આંખ મીંચીને માત્ર થોડી સેકંડમાં આપણે અસંખ્ય માહિતી મેળવી શકીએ છીએ. ઇન્ટરનેટ ફક્ત માહિતી માટે જ નહીં, પણ સોશિયલ નેટવર્કિંગથી લઈને સ્ટોક એક્સચેંજ, બેંકિંગ, ઇ-શોપિંગ વગેરે પણ મહત્વનું બની ગયું છે. જો કોઈ આ માટે સૌથી વધુ ક્રેડિટ આપવા માંગે છે, તો પછી ગૂગલ જેવા સર્ચ એન્જિન તેના હકદાર છે. ગૂગલના ઇમેઇલ, ચેટિંગ, વિડિઓ અને વોઇસ ચેટિંગ વગેરેથી હજારો કિલોમીટર ઘટાડીને થોડીક સેકંડના અંતરે કરવામાં આવી છે.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

# આજનો દિન વિશેષ

MAY 18

# આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ

# International Museum Day

**વિશ્વભરમાં દર વર્ષે 18 મેના રોજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવામાં આવે છે.** ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યૂઝિયમ આ ખાસ દિવસ પર વિશેષ કાર્યક્રમનું આયોજન કરે છે. આ ખાસ દિવસને મનાવવાનો હેતુ સમાજને સંગ્રહાલયના મહત્ત્વ વિશે જાગૃત કરવાનો છે. કોઇ સંગ્રહાલય પાસે ભલે રાજકીય શક્તિ નથી હોતી પરંતુ તેની પાસે રાજકીય પ્રક્રિયાઓને પ્રભાવિત કરવાની શક્યતાઓ હોય છે. સંગ્રહાલયો દ્વારા સંગ્રહિત કરવામાં આવતી વસ્તુઓ દુનિયા માટે એક આર્કાઇવ તરીકે ઉપયોગમાં આવે છે. **ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યુઝિયમે વર્ષ 1977માં આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની શરૂઆત કરી હતી.** ત્યાર બાદથી દર વર્ષે 18 મેના રોજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવામાં આવે છે. સમગ્ર દુનિયાના સંગ્રહાલય પોત-પોતાના દેશમાં તેનું આયોજન કરે છે. સંગ્રહાલયના મહત્વને લઇને જાગરૂકતા ફેલાવવા માટે કેટલાય પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યૂઝિયમ (આઇકોમ) ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતી વસ્તુઓનો સંગ્રહ કરનાર મુખ્ય સંગઠન છે. સમગ્ર વિશ્વમાં આઇકોમની 31 આંતરરાષ્ટ્રીય સમિતિઓ છે. આ તમામ સમિતિઓ સંગ્રહાલય સાથે સંકળાયેલ અલગ-અલગ ક્ષેત્રમાં વિશેષતા ધરાવે છે. આ સાથે જ આઇકોમ મહત્ત્વની વસ્તુઓની ગેરકાયદેસર ચોરીને રોકવા માટેનું પણ કામ કરે છે અને કટોકટીની પરિસ્થિતિમાં સંગ્રહાલયોને સહાય પણ પૂરી પાડે છે. આપણા સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને સુરક્ષિત રાખવા અને તેના પ્રચારમાં સંગ્રહાલય ખૂબ જ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. સંગ્રહાલય દ્વારા આપણી આસપાસની ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્ત્વ ધરાવતી વસ્તુઓને એકત્રિત કરીને તેને સુરક્ષિત રાખવામાં આવે છે. **વર્ષ 2021 ના આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસની થીમ છે : "The Future of Museums: Recover and Reimagine"**


શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY 19

# આજનો દિન વિશેષ

## નીલમ સંજીવ રેડ્ડી જન્મજયંતિ



નીલમ સંજીવ રેડ્ડી પૂર્વ રાષ્ટ્રપતિ અને સ્વાતંત્ર્યસેનાની હતા. આઝાદી બાદ તેઓ આંધ્ર પ્રદેશના પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા. આ ઉપરાંત, બે વાર લોકસભાના અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી બન્યા હતા. રેડ્ડીનો જન્મ ૧૯ મે ૧૯૧૩ના રોજ આંધ્ર પ્રદેશ રાજ્યના અનંતપુર જિલ્લાના ઈલ્લુર ગામે એક તેલુગુ ભાષી હિંદુ પરિવારમાં થયો હતો. તેઓનું પ્રારંભિક શિક્ષણ થિઓસોફિકલ હાઈસ્કૂલ (મદ્રાસ)માં થયું હતું. ૧૯૫૮માં શ્રી વેંકટેશ્વર વિશ્વવિધાલય દ્વારા વિશ્વવિધાલયની સ્થાપનામાં તેમના પ્રદાન બદલ માનદ ડૉક્ટર ઓફ લો ની પદવી એનાયત કરવામાં આવી હતી. ૧૯૨૯માં મહાત્મા ગાંધીની અનંતપુર જિલ્લાની મુલાકાત બાદ તેઓ સ્વતંત્રતા આંદોલનમાં જોડાયા અને ૧૯૩૧માં કોલેજનો અભ્યાસ અધૂરો છોડી ચળવળમાં સક્રીય બન્યા. તેઓ યુવા મોર્ચા સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલા હતા અને વિધાર્થી સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. ૧૯૩૮માં આંધ્ર પ્રદેશ પ્રાંતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ બન્યા અને એક દશક સુધી આ પદ પર રહ્યા. ભારત છોડો આંદોલન દરમિયાન તેમણે જેલવાસ ભોગવ્યો હતો. ૧૯૫૧માં એન. જી. રંગાને હરાવીને તેઓ આંધ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ બન્યા હતા. ૧૯૫૩માં આંધ્ર રાજ્યની સ્થાપના થઈ ત્યારે ટી. પ્રકાશમ રાજ્યના મુખ્યમંત્રી અને નીલમ સંજીવ રેડ્ડી નાયબ મુખ્યમંત્રી બન્યા હતા. જૂન ૧૯૬૪માં તેઓ લાલબહાદુર શાસ્ત્રી સરકારમાં ખાણ અને ખનીજ મંત્રી તરીકે નિયુક્ત થયા હતા. ૧૯૬૬-૬૭માં ઈન્દિરા ગાંધી સરકારમાં તેઓએ વાહનવ્યવહાર, વિમાન તેમજ પર્યટન ખાતાના મંત્રી તરીકે સેવાઓ આપી હતી. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણીમાં તેઓ આંધ્ર પ્રદેશના હિંદપુર સંસદીય મતવિસ્તારમાંથી લોકસભામાં ચૂંટાયા હતા.૧૭ માર્ચ ૧૯૬૭ના રોજ તેઓ ચોથી લોકસભાના અધ્યક્ષ (સ્પીકર) બન્યા હતા.અધ્યક્ષ પદની સ્વતંત્રતા પર ભાર મૂકવા તેમણે કોંગ્રેસ પક્ષના સભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું. અધ્યક્ષ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન જ સદનમાં સૌ પ્રથમ વાર અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. સંસદમાં સ્પીકર તરીકેની તેમની ભૂમિકાને તેમણે સંસદના ચોકીદાર તરીકે વર્ણવી છે. ૨૧ જુલાઈ ૧૯૭૭ના રોજ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા અને ૨૫ જુલાઈ ૧૯૭૭ના રોજ ભારતના છઠ્ઠા રાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તેમણે મોરારજી દેસાઈ, ચૌધરી ચરણસિંઘ અને ઈન્દિરા ગાંધીની સરકારો સાથે કામ કર્યું હતું. ૧૯૯૬માં ૮૩ વર્ષની ઉંમરે ન્યૂમોનિયાના કારણે બેંગ્લોર ખાતે તેમનું અવસાન થયું હતું.

शिक्षण जगत

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
20

# આજનો દિન વિશેષ



# બિપીનચંદ્ર પાલ પુણ્યતિથિ

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં બિપિનચંદ્ર પાલનું નામ 'ક્રાંતિકારી વિચારોના પિતા' તરીકે લેવામાં આવે છે, જે 'લાલ' 'બાલ', 'પાલ' ત્રિપુટીનો ભાગ હતા, જેમણે બ્રિટિશરોને હાલાકી આપી હતી. બંગાળના હબીબગંજ જિલ્લાના પોઇલ ગામ (હાલના બાંગ્લાદેશ) માં 7 નવેમ્બર 1858 માં જન્મેલા, બિપિનચંદ્ર પાલ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. તેઓ શિક્ષક અને પત્રકાર સાથે કુશળ વક્તા અને લેખક હતા. ઇતિહાસકાર વી.સી. સાહુના મતે, બિપિનચંદ્ર કોંગ્રેસના ક્રાંતિકારી દેશભક્ત લાલા લજપત રાય, બાલ ગંગાધર તિલક અને વિપિનચંદ્ર પાલ (લાલ બાલ પાલ) ની ત્રણેયનો ભાગ હતા, જેમણે 1905 માં બંગાળના ભાગલા વિરુદ્ધ ઉગ્ર આંદોલન ચલાવ્યું હતું. 'વંદે માતરમ' મેગેઝિનના સ્થાપક એવા પાલ પણ એક મોટા સમાજ સુધારક હતા જેમણે કૌટુંબિક વિરોધ છતાં વિધવા સાથે લગ્ન કર્યા. બાળ ગંગાધર તિલકની ધરપકડ અને 1907 માં બ્રિટન સરકાર દ્વારા ચલાવવામાં આવતા દમન સમયે પાલ ઇંગ્લેન્ડ ગયા હતા. તેઓ ત્યાં ક્રાંતિકારી વિધારા પ્રવાહના 'ઇન્ડિયા હાઉસ' માં જોડાયા અને 'સ્વરાજ પત્રિકા' શરૂ કરી. 1909 માં મદનલાલ ઢીંગરા દ્વારા કર્ઝન વિલીની હત્યાને કારણે તેમના સામયિકનું પ્રકાશન બંધ થઇ ગયું હતું અને તેમને લંડનમાં ઘણા માનસિક તાણમાંથી પસાર થવું પડ્યું હતું. આ ઘટના પછી, તેમણે આમૂલ વિચારધારાથી છૂટા પડ્યા અને સ્વતંત્ર દેશોના યુનિયનનો વિચાર પ્રસ્તાવ કર્યો. પાલે અનેક પ્રસંગોએ મહાત્મા ગાંધીની ટીકા પણ કરી હતી. વંદે માતરમ રાજદ્રોહ કેસમાં પણ અરવિંદ ઘોષ વિરુદ્ધ જુબાની આપવાનો ઇનકાર કરવા બદલ તેને છ મહિનાની જેલની સજા કરવામાં આવી હતી. દેશના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ 1958 માં પાલની જન્મજયંતિ નિમિત્તે તેમના સંબોધનમાં તેમને ધાર્મિક અને રાજકીય મોરચા પર ઉચ્ચ કક્ષાની ભૂમિકા ભજવનાર મહાન વ્યક્તિત્વ આપ્યું હતું. આઝાદીની લડત દરમિયાન, પાલે વિદેશી કપડાંની હોળી સળગાવી અને હડતાલ કરવા જેવી હિલચાલમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. વિપિનચંદ્ર પાલ 1922 માં રાજકીય જીવનથી અલગ થઇ ગયા અને 20 મે, 1932 ના રોજ તેમના મૃત્યુ સુધી રાજકારણથી અલગ રહ્યા.


શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY 21

# આજનો દિન વિશેષ

International Tea Day

# આંતરરાષ્ટ્રીય ચા દિવસ

ભારતની ભલામણ પર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 21 મેને 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ' તરીકે જાહેર કર્યો છે. આ પહેલા ભારત, શ્રીલંકા, નેપાળ, વિયેતનામ, ઈન્ડોનેશિયા, બાંગ્લાદેશ, કેન્યા, મલાવી, મલેશિયા, યુગાન્ડા અને તજાનિયા જેવા ચા ઉત્પાદક દેશોમાં વર્ષ 2005 માં 15 ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય ચા દિવસની ઉજવણી કરે છે, પરંતુ વર્ષ 2015 માં ભારતે સંયુક્ત રાષ્ટ્રને ભલામણ કરી હતી કે 21 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ' તરીકે જાહેર કરવામાં આવે, ત્યારબાદ 21 મેના રોજ આંતરરાષ્ટ્રીય ચા દિવસ તરીકે જાહેર કરાયો. વિકાસશીલ દેશોમાં ચાનું ઉત્પાદન અને પ્રોસેસિંગ લાખો પરિવારો માટે આજીવિકાનું મુખ્ય સ્રોત છે અને ઓછામાં ઓછા વિકસિત દેશોમાં રહેતા લાખો ગરીબ પરિવારોની આજીવિકાનું મુખ્ય સાધન છે. ચા ઉદ્યોગ કેટલાક ગરીબ દેશો માટે આયાત અને નિકાસનો મુખ્ય સ્રોત છે અને વિશેષરૂપથી દૂરસ્થ અને આર્થિકરૂપથી વંચિત ક્ષેત્રોમાં, શ્રમ-સઘન ક્ષેત્ર તરીકે રોજગાર પ્રદાન કરે છે. એટલું જ નહીં, વિકાસશીલ દેશોમાં ગ્રામીણ વિકાસ, ગરીબી ઘટાડવાની અને ખાદ્ય સુરક્ષામાં ચા મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે છે. તે સાચું છે કે ચા બ્લેક ટી હોય કે ગ્રીન ટી અથવા કોઈ અલગ જ ફ્લેવરની બધી ચામાં એંટીઑક્સીડેંટસ, એંટી કૈટેચિંસ અને પોલિફેનોલસ હોય છે જે આપણા શરીરને સકારાત્મકરૂપે અસર કરે છે. **ગ્રીન ટી પીવાથી મૂત્રાશય, બ્રેસ્ટ, ફેફસાં, પેટ, સ્વાદુપિંડ માટે એંટીઑક્સીડેંટસનું કામ કરે છે.** ચરબી ઘટાડવા, મગજ પરના ઓક્સિડેટીવ તણાવના પ્રતિભાવને ઘટાડવા, અલ્ઝાઇમર અને પાર્કિસંસ રોગ જેવા મગજ સબંધી બીમારીઓનું જોખમ ઘટાડવામાં, સ્ટ્રોકનું જોખમ ઘટાડવામાં અને કોલેસ્ટ્રોલના સ્તરમાં સુધાર લાવવા મદદ કરે છે. **બ્લેક ટીમાં સૌથી વધુ કેફીન સામગ્રી હોય છે.** અધ્યયનોથી જાણવા મળ્યું કે, બ્લેક ટી સિગારેટના ધૂમ્રપાનના સંપર્કને કારણે ફેફસાંને નુકસાનથી બચાવે છે. તે સ્ટ્રોકનું જોખમ પણ ઘટાડે છે. પ્રદૂષણની અસરો ઘટાડે છે ચામાં એંટીઑક્સીડેંટસ સામેલ હોય છે. ચા તમારા શરીરને વૃદ્ધત્વ અને પ્રદૂષણ અસરોના પ્રકોપથી સુરક્ષિત કરે છે. બ્લેક ટીમાં કોફી કરતાં ઓછી કેફીન હોય છે. આ પીવાથી તમારા શરીરની રોગપ્રતિકારક શક્તિને ચેપ સામે લડવામાં ઘણી મદદ મળે છે. શરદી અને શરદી જેવી સામાન્ય બીમારી ચા પીવાથી એકદમ ગાયબ થઈ જાય છે.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat




# આજનો દિન વિશેષ




## આતંકવાદ વિરોધી દિવસ

**આતંકવાદ વિશે લોકોને માહિતગાર કરવા, લોકોની વેદના અને લોકોના જીવન પર થતી આતંકવાદની અસર વિશે જાગરૂકતા ફેલાવવા માટે દર વર્ષે 21 મેના રોજ આતંકવાદ વિરોધી દિવસ મનાવવામાં આવે છે.** આ દિવસ લોકોમાં આતંકવાદ વિરોધી સામાજિક કાર્ય કરવા માટે પણ જાગરૂત કરે છે. રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી દિવસની સત્તાવાર જાહેરાત 21 મે, 1991ના રોજ ભારતના સાતમાં વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા થયા બાદ કરવામાં આવી હતી. તેઓની હત્યા તમિલનાડુમાં એક અભિયાન દરમિયાન એક આતંકવાદી દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ, વી.પી સિંહ સરકારે 21 મેને આતંકવાદી વિરોધી દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો હતો. ત્યારથી આ દિવસ મનાવવામાં આવે છે. આ સાથે જ તમામ સરકારી કાર્યલય, સાર્વજનિક સંસ્થાઓમાં આતંકવાદ વિરોધી પ્રતિજ્ઞા લેવામાં આવે છે. રાજીવ ગાંધી એક રેલીમાં ભાગ લેવા માટે તમિલનાડુના એક સ્થળ શ્રીપેરંબદૂર ગયા. તેમની સામે એક મહિલા આવી જે લિબરેશન ટાઇગર્સ ઑફ તમિલ ઇલમ (LTTE)ના એક આતંકવાદી સંગઠનની સભ્ય હતી. તેના કપડામાં વિસ્ફોટક છુપાયેલા હતા અને પીએમ સાથે સંપર્ક કર્યો અને કહ્યુ કે તે તેમના પગે લાગવા માંગે છે. અચાનક બૉમ્બ વિસ્ફોટ થયો અને પીએમની હત્યા કરી દેવામાં આવી અને લગભગ 25 લોકોના મૃત્યુ થયા હતા આ દિવસ ઉજવવા પાછળનો હેતુ શાંતિ અને માનવતાનો સંદેશ ફેલાવવાનો, આતંકવાદી સંગઠનો વિશે લોકોમાં જાગરૂકતા વધારવા અને કેવી રીતે તેઓ આતંકવાદને મારવાની યોજના બનાવે છે તે વિશે જાગરૂકતા લાવવાનો., લોકો વચ્ચે એકતાની ભાવના વધારવા, યુવાનોને શિક્ષણ અને ટ્રેનિંગ આપવી જેથી તેઓ અલગ-અલગ આતંકવાદી સંગઠનમાં સામેલ ન થાય, દેશમાં આતંકવાદ, હિંસા, લોકો, સમાજ અને સમગ્ર દેશમાં તેની ખતરનાક અસર વિશે જાગરૂકતા પેદા કરવાનો છે.

શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY

22

# આજનો દિન વિશેષ

May 22

International DAY FOR BIOLOGICAL DIVERSITY

## વિશ્વ જૈવ વિવિધતા દિવસ

**22 મી મે ના દિવસને દુનિયાભરમાં જૈવિક વિવિધતા દિન તરીકે ઉજવવામાં આવે છે. જૈવિક વિવિધતામાં પક્ષીઓ, પ્રાણીઓ, દરીયાઇ જીવો, વિવિધ પ્રકારની વનસ્પતીઓ, વૃક્ષો, ઔષધીઓ વગેરે કુદરતી સંપતિનો સમાવેશ થાય છે.** અમેરીકાની વર્ષ 1993 થી વર્ષ 2000 દરમિયાન નક્કી કરાયેલી જનરલ એસેબ્લી દ્વારા 29 મી ડીસેમ્બરને બાયોલોજીકલ ડાયર્વસીટી ડે ઉજવવાનું અમલી કરણ કરાયું હતું. પરંતુ રાયો અર્થ સમિટ બાદ 22 મી મે ના દિવસને જૈવિક વિવિધતા દિન તરીકે ઉજવવાનું અમલીકરણમાં કરાયું. આ દિવસે જે તે દેશો પોતાનાં રાષ્ટ્રની જૈવિક વિવિધતા બાબતે કાર્યક્રમો યોજી નાગરીકોને આ કુદરતી સંપતીનું જતન કરવા જાગૃત કરે છે. જેના અનુસંધાને અમેરીકાની જનરલ એસેમ્બ્લી દ્વારા વર્ષ 2011 થી 2020 ના દાયકાને યુનાઇટેડ નેશન્સ ડીકેડ ઓફ બાયોડાવર્સિટી જાહેર કરી તેની જાળવણી માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. ભારત પાસે પણ જૈવિક વિવિધતા બાબતે અમુલ્ય ખજાનો છે પરંતુ તેની જાળવણી અંગે પુરતી જાગૃતિ સરકાર કેળવી શકી નથી. ગુજરાતમાં આવેલા જુદી જુદી ઋતુનાં જંગલો તથા ૧૬૦૦ કિલોમિટર લાંબાં દરીયા કિનારાનાં કારણે જૈવિક વિવિધતાની વિશાળ શ્રેણી જોવા મળે છે. કુદરતી સંશાધનોના દુરૂપયોગ અને પર્યારવણની જાળવણીની ઉપેક્ષાના કારણે પૃથ્વીનું તાપમાન વધતા ગ્લોબલ વોર્મિંગનો પ્રશ્ન ઉભો થયો છે. માનવ વસ્તીની વિવિધ પ્રવૃતિઓને કારણે અમુક પ્રજાતિઓ પૃથ્વી પરથી લુપ્ત થઇ રહી છે. તેમજ પૃથ્વી પર જંગલોનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે. એક અહેવાલ મુજબ છેલ્લી 5 શતાબ્દી દરમિયાન 800 થી વધારે વન્યજીવો અને વનસ્પતિની પ્રજાતિઓ લુપ્ત થઇ ગઇ છે અને 17,000 થી વધુ પ્રજાતિઓ વિનાશના આરે ઉભી છે. જૈવિક વિવિધતા દિનના દિવસે આપણી આ જૈવિક કુદરતી સંપતિની જાણવળી માટે જાગૃત બનીએ.


शिक्षण जगत

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
22

# આજનો દિન વિશેષ



## રાજારામ મોહનરાય જન્મજયંતિ

**રાજા રામમોહનરાય આધુનિક ભારતના આધસુધારક ગણાય છે. તેઓ નવા યુગના અગ્રદૂત અને જયોતિર્ધર પણ કહેવાય છે. તેમનો જન્મ બંગાળ પ્રાંતના હુગલી જિલ્લાના રાધાનગર ગામમાં 22 મે 1772 માં થયો હતો.** તેમના પિતા રમાકાંત વૈષ્ણવ કુટુંબના હતા, જયારે માતા તારીનીદેવી શૈવ કુટુંબના હતા. **19મી સદી માં સામાજિક-ધાર્મિક સુધારણાના આંદોલન ચલાવનાર સંસ્થાઓમાં સૌથી આધુનિક ઢબની અગ્રેસર સંસ્થા બ્રહ્મોસમાજ હતી.** રાજા રામમોહનરાય એક સમાજ સુધારક હતા. તેમણે ધર્મમાં રહેલાં દૂષણો દૂર કરવા અનેક પ્રયત્નો કર્યા હતા અને એકેશ્વરવાદનો પ્રચાર કર્યો હતો. તેમણે "આત્મીય સભા" નામે સંસ્થા સ્થાપી, પાછળથી આ સંસ્થા "બ્રહ્મોસમાજ" તરીકે પ્રચલિત બની. બ્રહ્મો સમાજે વિશેષ કરીને બંગાળમાં સમાજ અને ધર્મ સુધારણાના ક્ષેત્રે મહત્ત્વનો ફાળો આપ્યો. બ્રહ્મોસમાજ તરફથી 'સંવાદ કૌમુદી' નામે સાપ્તાહિક પણ બહાર પાડવામાં આવ્યું. રાજા રામમોહનરાયે વિશેષ કરીને 'બાળલગ્નો અને બહુપત્ની પ્રથા'ને દૂર કરવા પ્રયત્નો કર્યા. તેમજ 'સતીપ્રથા'ની વિરુદ્ધ મોટી ઝુંબેશ ચલાવી તેમણે કહ્યું, "ધર્મશાસ્ત્રમાં ક્યાંય પણ સતીપ્રથાનો ઉલ્લેખ જોવા મળતો નથી". **તેઓ પ્રેસની સ્વતંત્રતાના હિમાયતી હતા બંગાળીમાં "સંવાદ કૌમુદી" અને ફરસીમાં "મિરાત-ઉલ-અખબાર" નામના સમાચારપત્રો ચાલુ કર્યા હતા. ઇ.સ.1814 માં આત્મીય સભા, ઇ.સ.1819માં કોલકાતા એકતાવાદી સભા અને ઇ.સ.1828 માં બ્રહ્મોસમાજની સ્થાપના કરી.** રામ મોહન રાયે તેમના જીવનમાં ત્રણ વખત લગ્ન કાર્ય હતા. તેમની પહેલી પત્ની વહેલી મૃત્યુ પામી હતી. તેઓને બે પુત્ર હતા રાધાપ્રસાદ અને 1800 માં અને બીજી પત્ની દ્વારા રામપ્રસાદ 1812 માં થયો હતો તેમની બીજી પત્નીનું મૃત્યુ 1824 માં થયું હતું. તેમની ત્રીજી પત્ની તેમની સાથે રહી હતી. રાજા રામમોહનરાયે સમાજ સુધારણા માટે 'ઇસ્ટ ઇન્ડિયા કંપની'ની બહુમૂલ્ય નોકરી છોડી દીધી. રાજા રામમોહનરાયના સમાજ સુધારણાનાં કાર્યોથી ખુશ થઇને મુગલ બાદશાહ અકબર બીજાએ ૧૮૩૧માં તેમને 'રાજા'નો ઇલકાબ આપીને પોતાના વકીલ તરીકે ઇંગ્લેન્ડ મોકલ્યા અને સમાજ સુધારાના કામ બદલ રામમોહન ને એક અંગ્રેજ અધીકારી દ્વારા "રોય" નો ખિતાબ અપાયો હતો. જ્યાં **૨૭ સપ્ટેમ્બર ૧૮૩૩ માં ઇંગ્લેન્ડ માં બ્રિસ્ટોલ મુકામમાં અવસાન થયું**.


શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY 23

# આજનો દિન વિશેષ



## ડૉ.પી.સી. વૈદ્ય જન્મજયંતિ

**ગાંધીવાદી,શિક્ષણવિદ, વિદ્વાન ગણિતશાસ્ત્રી અને ભૌતિકશાસ્ત્રવિદ્ એવા પ્રહલ્લાદભાઈ ચૂનીલાલ વૈધ, જેઓ પી. સી. વૈધ તરીકે જાણીતા હતા.** તેમનો જન્મ જુનાગઢ જિલ્લાના શાહપુર ગામે ૨૩ મે ૧૯૧૮ના રોજ થયો હતો. શૈશવકાળથી જ તેમણે પોતાની ગણિતક્ષેત્રે આગવી પ્રતિભા બતાવી હતી. ૧૯૪૨માં પી. સી. વૈધને સાપેક્ષવાદના સિદ્ધાંતનો અભ્યાસ કરવાની ઇચ્છા થઇ. આ અનુસંધાને તેમણે વિખ્યાત ભૈતિક વિજ્ઞાની શ્રી જ્યંત નરલિકર ના પિતા વિ. વિ. નરલિકરને પત્ર લખ્યો. વિ.વિ. નરલિકરએ તેમને સંશોધન માટે આમંત્ર્યા અને તુરંત તેઓ બનારસ હિંદુ યુનિવર્સિટી, વારાણસી જવા રવાના થયા. ત્યાં તેઓ એ ૧૦ મહિના સુધી સાપેક્ષવાદનો અભ્યાસ કર્યો. આ ગાળા દરમિયાન સ્વાતંત્ર ચળવળ જોર-શોરથી ચાલતી હતી અને બીજું વિશ્વયુદ્ધ પણ ચાલી રહ્યું હતું. આવા સમયે તઓ ને પોતાનો, પત્ની અને છ મહિનાની પુત્રીનો નિર્વાહ કરવા માટે ફક્ત ભૂતકાળની બચત સિવાય કશો આધાર નહોતો. આ પરિસ્થિતિમાં સ્પેઇસટાઇમ જ્યોમિટ્રિ ની પરિક્પના તેમના મનમા ઘડાઇ અને ફક્ત એક જ અઠવાડિયામાં વૈધ મેટિક્સ શોધાયું. ૧૯૪૯માં તેમણે ગણિતમાં પીએચ.ડી. ની ઉપાધી મેળવી લીધી. શ્રીવૈધની જળહળતી કાર્યકીર્દીએ તેમને ભારત તથા દુનિયાના અન્ય દેશોમાં પસંદગીના શિક્ષક તરીકે નામના અપાવી. આઇન્સ્ટાઇનના ગુરુત્વાકર્ષણ બળને સમજવા માટે અનેક જટિલ ગાણિતીક સૂત્રો સમજવા પડે જે દરેક માટે સરળ નથી હોતું. તેમા દર્શાવેલ ગાણિતીક સૂત્રો જોતા તે વ્યવહારુક ઉપિયોગી કઇ રીતે છે તે સમજવું મુશ્કેલ જણાય છે. બસ આજ મુદ્દાને ધ્યાનમાં લઇ શ્રીપી. સી. વૈધએ પરિશ્રમ આદર્યો અને તેના ફળ સ્વરુપ વૈધ મેટ્રિક્સ શોધાયું. પ્રોફેસર વૈધએ ૧૯૪૨માં બનારસ હિંદુ યુનિવર્સિટી ખાતે "સાપેક્ષતા ના સામાન્ય સિદ્ધાંત" પર અનુસંધાન શરૂ કર્યું. ત્યાં તેઓ પ્રાધ્યાપક વી.વી. નાર્લીકરએ શરુ કરેલા સાપેક્ષતાના વર્ગમાં જોડાયા. કેવલ દસ મહીના માટે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં રહિને તેમણે સ્પેઇસ ટાઇમ જ્યોમેટ્રિ ની શોધ કરી. જેના ઉપીયોગ થી કિરણોત્સર્ગી તારાના ગુરુત્વાકર્ષણનું માપ કાઢી શકાય. વૈજ્ઞાનિક પ્રકાશનો અને સામાયિકો પર શ્રીવૈધના લેખન કાર્યની ઊંડી અસર જોવા મળે છે. તેમના જીવનકાળમાં તેઓ લગભગ 30 જેટલા જનરલ રિલેટિવિટી અને ગુરુત્વાકર્ષણ પરના શોધ-લેખોના લેખક કે સહ:-લેખક રહ્યા. આ લેખો આજે પણ ઘણા શોધ-લેખોના સ્ત્રોતની યાદીમાં જોવા મળે છે. **તેઓએ ૧૯૬૦ના ગાળામાં ગણિત સામાયિક "સુગણિતમ"ની શરુઆત કરી. આ સામાયિક શાળાઓ તથા કોલેજોમાં અત્યંત પ્રસિદ્ધિ પામ્યું.** તેમને કિડનીનો રોગ થયો હોવાનું નિદાન થયેલ અને ૧૨ માર્ચ ૨૦૧૦ના રોજ તેઓ અવસાન પામ્યા.


શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રૂપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર “JOIN” લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
24

# આજનો દિન વિશેષ



## બચેન્દ્રી પાલ જન્મદિવસ

બચેન્દ્રિ પાલ એક ભારતીય પર્વતારોહક છે, જે 1984 માં માઉન્ટ એવરેસ્ટની શિખર પર પહોંચનારી પહેલી ભારતીય મહિલા બન્યાં હતાં. ભારત સરકાર દ્વારા તેમને વર્ષ 2019 માં ત્રીજા સર્વોચ્ચ નાગરિક એવોર્ડ પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યાં હતાં. બચેન્દ્રી પાલ નો જન્મ 24 મે, 1954 ના દિવસે ભારતના ઉત્તરાખંડ રાજ્યના ઉત્તરકાશી જિલ્લામાં આવેલા નકુરી ગામમાં થયો હતો. તેમના માતા હંસા દેવી તથા પિતા શ્રી કિશનસિંહ પાલના પાંચ બાળકોમાંની એક હતી. માત્ર 12 વર્ષની ઉંમરે શાળાની પિકનિક દરમિયાન બચેન્દ્રી પાલે સૌપ્રથમ પર્વતારોહણ કર્યું. તેમના મિત્રો સાથે મળીને શાળાની પિકનિક દરમિયાન 13,123 ફુટ (3,999.9 મીટર) ઉંચા શિખર પર તેઓ પહોંચ્યા હતાં. તેમનાં આચાર્યના આમંત્રણથી આગળ અભ્યાસ માટે તેમને મોકલવામાં આવ્યા. નેહરુ ઇન્સ્ટીટ્યુટ ઓફ માઉન્ટીયરીંગમાં તેમનાં અભ્યાસ દરમિયાન 1982 માં તેમણે 21889.77 ફૂટ (399.9મીટર) ઊંચું માઉન્ટ ગંગોત્રી-1 અને 19091 ફૂટ (5818.9 મીટર ઊંચું ) માઉન્ટ રૂદ્રગરિયા શિખર સર કર્યા. અભ્યાસ દરમિયાન જ તેમને નેશનલ એડવેન્ચર ફાઉન્ડેશનમાં પ્રશિક્ષક તરીકે નોકરી મળી ગઈ. આ સંસ્થાએ મહિલાઓને પર્વતારોહણની તાલિમ આપવા માટે પ્રશિક્ષણ શાળા બનાવવામાં આવી. 1984 માં, ભારત દ્વારા માઉન્ટ એવરેસ્ટ સર કરવા માટેનું ચોથું અભિયાન “એવરેસ્ટ 84” ના નામે શરૂ કરવામાં આવ્યું. આ મહાત્વાકાંક્ષી અભિયાનમાં કુલ છ મહિલાઓ અને અગિયાર પુરુષોની પસંદગી કરવામાં આવી. “એવરેસ્ટ 84” અભિયાનના આ ચુંટેલા સભ્યો એક તરીકે બચેન્દ્રી પાલને પસંદ કરવામાં આવ્યા. વિશ્વની સૌથી ઉંચી ટોચ પર પહોંચવાની સફળતા પછી પણ તેઓ સતત સક્રિય રહ્યા હતાં. વર્તમાન સમયમાં બચેન્દ્રિ પાલ ટાટા સ્ટીલ જમશેદપુર ખાતેના એડવેન્ચર પ્રોગ્રામ્સના ચીફ છે અને તે ટાટા સ્ટીલ એડવેન્ચર ફાઉન્ડેશન (ટીએસએએફ) ની ડિરેક્ટર પણ છે. આ સંસ્થા યુવા અને મહિલાઓ તેમજ સંસ્થાઓ, સંસ્થાઓ વચ્ચે એડવેન્ચર પ્રોગ્રામ્સ અને લીડરશીપ ડેવલપમેન્ટ કોર્સને પ્રોત્સાહન આપતી ભારતની એક અગ્રણી સંસ્થા છે.


શિક્ષણ જગત

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર “JOIN” લખી મેસેજ કરો.

www.shikshanjagat.net

shikshanjagat

MAY
25

# આજનો દિન વિશેષ



## રાસ બિહારી બોઝ જન્મજયંતિ

રાસબિહારી બોઝ એક ભારતીય ક્રાંતિકારી હતા. તેઓ ગદર વિદ્રોહના મુખ્ય આયોજકો પૈકી એક હતા. તેમણે આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી હતી બાદમાં તેને સુભાષચંદ્ર બોઝને સોંપી દીધી હતી. રાસબિહારી બોઝનો જન્મ ૨૫ મે ૧૮૬ ના રોજ બંગાળના વર્ધમાન જિલ્લાના સુબલદહ ગામમાં થયો હતો. તેમના પિતા વિનોદ બિહારી બોઝ અને માતા ભૂવનેશ્વરી દેવી હતા. તેઓ શરૂઆતથી જ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં રુચિ ધરાવતા હતા. અલીપુર બોમ્બ ધડાકાના મુકદ્દમાથી દૂર રહેવાના ઇરાદાથી તેમણે ૧૯૦૮માં બંગાળ છોડી દીધું હતું. તેઓ દહેરાદૂન વન અનુસંધાન સંસ્થામાં ક્લાર્ક તરીકેની નોકરી દરમિયાન અમરેન્દ્ર ચેટરજીના માધ્યમથી જતીન્દ્રનાથ મુખર્જીના (જતીન બાઘા) સંપર્કમાં આવ્યા. અહીં તેઓ બંગાળી ક્રાંતિકારીઓના જૂથમાં સામેલ થઇ ગયા અને પંજાબ તેમજ સંયુક્ત પ્રાંતના (હાલ ઉત્તરપ્રદેશ) આર્ય સમાજના પ્રખર ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા. તત્કાલીન વાઇસરોય લોર્ડ હેસ્ટીંગસની હત્યાના પ્રયાસ બાદ તેઓ ભાગતા ફરી રહ્યા હતા. બોઝ ૧૯૧૫માં રવિન્દ્રનાથ ટાગોરના સંબંધી પ્રિયનાથ ટાગોરનું નામ ધારણ કરી જાપાન ભાગી ગયા. બોઝને અહીં કેટલાંક અખિલ એશિયાઇ સમૂહો દ્વારા આશ્રય મળ્યો. તેમના પ્રત્યાર્પણ માટે બ્રિટીશ સરકાર દ્વારા જાપાન પર કરવામાં આવતા રાજનૈતિક દબાણને કારણે ૧૯૧૫–૧૯૧૮ સમય દરમિયાન તેઓ વારંવાર પોતાની ઓળખ અને રહેઠાણ બદલતા રહ્યા. તેઓ નાકામુર્યા બેકરીના માલિકની પુત્રી સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. ૧૯૨૩માં જાપાની નાગરિકતા પ્રાપ્ત કરી લેખક અને પત્રકાર તરીકે રહેવા લાગ્યા. તેમણે ૨૨ જૂન ૧૯૪૨ના રોજ બેંગકોક ખાતે દ્વીતીય સંમેલનનું આયોજન કર્યું. આ સંમેલનમાં સુભાષચંદ્ર બોઝને ભારતીય સ્વતંત્રતા લીગમાં સામેલ કરવા તથા લીગનું સુકાન સંભાળવા જાપાન આમંત્રિત કરવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો. મલાયા, ઉત્તર બોર્નિયો અને જાપાન આધીન સારવાકમાંથી પકડાયેલા દ્વિતીય વિશ્વયુદ્ધના ભારતીય યુદ્ધકેદીઓને ભારતીય સ્વતંત્રતા લીગમાં સામેલ થવા અને ભારતીય સ્વતંત્રતા લીગની સૈન્ય પાંખ તરીકે ૧ સપ્ટેમ્બર ૧૯૪૨થી કાર્યરત ભારતીય રાષ્ટ્રીય સેના (INA)ના સૈનિક બનવા પ્રોત્સાહિત કરાયાં. તેમણે આઝાદ હિંદ આંદોલન માટે ધ્વજ પસંદ કરી સુભાષચંદ્ર બોઝને સોંપ્યો. ક્ષય રોગના કારણે તેમના અવસાન પહેલાં જાપાન સરકારે તેમને ઓર્ડર ઓફ ધ રાઇસિંગ સન તરીકેનું રાષ્ટ્રીય સન્માન આપ્યું હતું.


શિક્ષણ જગત


**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

# આજનો દિન વિશેષ

MAY
26



## ડૉ. હરિવલ્લભ ભાયાણી જન્મજયંતિ

હરિવલ્લભ ચુનીલાલ ભાયાણી ગુજરાતી સંશોધક, સંપાદક, ભાષાશાસ્ત્રી, વિવેચક, અનુવાદક હતા. તેમનો જન્મ 26 મે 1917 ના રોજ ગુજરાતના મહુવા નગરમાં થયો હતો. ૧૯૩૪માં મહુવાની એમ.એન. હાઈસ્કૂલમાંથી મેટ્રિક કર્યા બાદ તેમણે ૧૯૩૯માં સંસ્કૃત વિષય સાથે બી.એ. અને ૧૯૪૧માં સંસ્કૃત અને અર્ધમાગધી વિષયોમાં ભારતીય વિદ્યાભવન, મુંબઈથી એમ.એ.ની પદવી મેળવી. ૧૯૫૧માં મુનિ જિનવિજયજીના માર્ગદર્શન હેઠળ કવિ સ્વયંભૂદેવકૃત અપભ્રંશ ભાષાના રામાયણ વિષયક મહાકાવ્ય 'પઉમચરિય' પર મહાનિબંધ દ્વારા પીએચડીની પદવી પ્રાપ્ત કરી. ૧૯૪૫થી ૧૯૬૫ સુધી ભારતીય વિદ્યા ભવનમાં તેઓ સંશોધક–અધ્યાપક રહ્યા હતા. ૧૯૬૫થી ૧૯૭૫ પર્યંત ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવન સાથે સંલગ્ન હતા. ૧૯૭૫માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા પછી લાલભાઈ દલપતભાઈ પ્રાચ્યવિદ્યામંદિર, અમદાવાદમાં માનદ પ્રાધ્યાપક હતા. ૧૯૮૦માં તેઓ ઈન્ટરનેશનલ સ્કૂલ ઑવ દ્રવિડિયન લિંગ્વિસ્ટિક્સ, ત્રિવેન્દ્રમમાં ગુજરાતીના પ્રોફેસર રહ્યા હતા. તેમને શબ્દકથા અનુશીલનો શોધ અને અને સ્વાધ્યાય અનુસંધાન શબ્દ-પરિશીલન વ્યુત્પત્તિવિકાર કાવ્યનું સંવેદન' ગુજરાતી ભાષાના ઇતિહાસની કેટલીક સમસ્યાઓ ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ, ૧. ૧૧૫૦ થી ૧૫૫૦ સુધી, ભાવના, વિભાવના, કમળના તંતુ - પ્રાચીન કથાઓનું આસ્વાધ વાર્તા સ્વરૂપ, શોધ ઔર સ્વાધ્યાય મુક્તક-મમરા, તે હી નો દિવસ નામની આત્મકથા અને સેતુબંધ વગેરે જેવી રચનાઓ આપી છે. તેમને ૧૯૬૩ માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને ૧૯૮૧ માં સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો હતો. ૧૧ નવેમ્બર ૨૦૦૦ના રોજ તેમનું અવસાન થયું હતું.

શિક્ષણ જગત


સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.

www.shikshanjagat.net

shikshanjagat

MAY 27

# આજનો દિન વિશેષ



## જવાહરલાલ નેહરુ પુણ્યતિથિ

પંડિત જવાહરલાલ નહેરુનો જન્મ 14 નવેમ્બર, 1889ના રોજ અલ્હાબાદમાં થયો હતો. તેમણે પોતાની પ્રારંભિક શિક્ષા પોતાના ઘરે જ ખાનગી શિક્ષકો દ્વારા પ્રાપ્ત કરી હતી. 912માં ભારત પાછા ફર્યા પછી તરત જ રાજકારણમાં જોડાયા હતા. અહીં સુધી કે વિધાર્થીકાળ દરમિયાન પણ તેઓ વિદેશી હકુમત હેઠળના દેશોની સ્વતંત્રતા સંઘર્ષમાં રસ દાખવતા હતા. તેમણે આયર્લેન્ડમાં થયેલા સિનફેન આંદોલનમાં ઉંડો રસ લીધો હતો. તેમને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં અનિવાર્યરૂપે સામેલ થવું પડ્યું હતું. 1912મા તેમણે પ્રતિનિધિ તરીકે બાંકીપુર સંમેલનમાં ભાગ લીધો હતો તેમજ 1919માં અલ્હાબાદના હોમરૂલ લીગના સચિવ બન્યા હતા. 1916માં તેઓ મહાત્મા ગાંધીને પહેલી વખત મળ્યા હતા. જેમનાથી તેઓ ખૂબ પ્રેરિત થયાં હતા. તેમણે 1920માં ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જિલ્લામાં પ્રથમ કિસાન માર્ચનું આયોજન કર્યું હતું. 1920 – 22ના અસહયોગ આંદોલનના સંબંધમાં તેમને બે વખત જેલ જવું પડ્યું હતું. પંડિત નહેરું સપ્ટેમ્બર 1923મા અખિલ ભારતીય કોંગ્રેસ કમિટિના મહાસચિવ બન્યા. તેમણે 1926માં ઇટાલી, સ્વિટ્ઝર્લેન્ડ, ઇંગ્લેન્ડ, બેલ્જિયમ, જર્મની તેમજ રશિયાની મુલાકાત લીધી હતી. બેલ્જિયમમાં તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના એક સત્તાવાર પ્રતિનિધિ તરીકે બ્રસેલ્સમાં દીન દેશોના સંમેલનમાં ભાગ લીધો હતો. તેમણે 1927માં મોસ્કોમાં ઓક્ટોબર સમાજવાદી ક્રાંતિની દસમી વર્ષગાંઠ સમારંભમાં ભાગ લીધો હતો. તેમણે 14 ફેબ્રુઆરી 1935ના રોજ અલ્મોડા જેલમાં પોતાની આત્મકથાનું લેખન કાર્ય પૂર્ણ કર્યું. 7 ઓગસ્ટ, 1942ના રોજ મુંબઇમાં થયેલા અખિલ ભારતીય કોંગ્રેસ કમિટિની બેઠકમાં પંડિત નેહરુએ ઐતિહાસિક સંકલ્પ ‘ભારત છોડો’ને કાર્યાન્વિત કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું. 8 ઓગસ્ટ, 1942ના રોજ તેમને અન્ય નેતાઓ સાથે ધરપકડ કરીને અહેમદનગર કિલ્લા લઇ જવામાં આવ્યા. આ છેલ્લો મોકો હતો જ્યારે તેમને જેલ જવું પડ્યું તેમજ આ વખતે જ તેમને સૌથી લાંબા સમય સુધી જેલમાં રહેવું પડ્યું હતું. પોતાના સમગ્ર જીવનનાં તેઓ નવ વખત જેલ ગયા હતા. બ્રિટિશ સામ્રાજયમાંથી મુકિતના પ્રથમ વર્ષો દરમ્યાન, 1947થી 1964 સુધી નેહરુએ તાજેતરમાં સ્વતંત્ર થયેલા ભારતને નેતૃત્વ આપ્યું.  27 મે 1964 ના રોજ તેમનું અવસાન થયું હતું.  તેમને બાળકો ખુબ જ પ્રિય હતાં. તેઓ બાળકોમાં ‘ચાચા નેહરુ’ તરીકે પ્રસિદ્ધ હતા.  તેમને ગુલાબનું ફૂલ અતિ પ્રિય હતું. તેમનો જન્મ દિવસ ૧૪ નવેમ્બર ‘બાળદિન’ તરીકે ઉજવવામાં આવે છે.


શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર “JOIN” લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
28

# આજનો દિન વિશેષ




## વીર સાવરકર જન્મજયંતિ

વીર સાવરકર એ ફક્ત વિશેષ નામ નથી પણ એક વિચાર છે – એક સ્પંદન છે. વિનાયક દામોદર સાવરકર ભારતીય સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ હરોળના સક્રિય કાર્યકર અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા હતા. જેથી તેઓ વીર સાવરકર નામથી જાણીતા થયા. તેમનો જન્મ 28 મે 1883 ના રોજ મહારાષ્ટ્રના નાસિકમાં આવેલ ભાગુરમાં થયો હતો. હિંદુ રાષ્ટ્રની રાજનીતિક વિચારધારા (હિંદુત્વ) ને વિકસિત કરવાનો સંપૂર્ણ શ્રેય સાવરકરને ફાળે જાય છે. સ્વતંત્રતા સેનાની હોવાની સાથે-સાથે તેઓ મહાન ક્રાંતિકારી, વિચારક, સિદ્ધહસ્ત લેખક, કવિ, પ્રખર વક્તા તથા દુરદર્શી રાજનેતા પણ હતા. તેઓ એક એવા ઇતિહાસકાર પણ હતા કે જેમણે હિંદુ રાષ્ટ્રના વિજયના ઇતિહાસને પ્રમાણિકપણે શાબ્દિક રીતે કંડાર્યો હતો. તેમણે ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામનો જીવંત અહેવાલરૂપી ઇતિહાસ ધ ઇન્ડિયન વૉર ઓફ ઇન્ડિપેન્ડન્સ નામના પુસ્તકમાં લખ્યો જેનાથી બ્રિટિશ શાસકોમાં ખળભળાટ મચી ગયો. ધ ઇન્ડિયન વૉર ઓફ ઇન્ડેપેન્ડન્સ મૂળ મરાઠી ભાષામાં ૧૯૦૮ની સાલમાં તેમણે લખી જેનો અંગ્રેજી ભાષામાં અનુવાદ ઇન્ડિયા હાઉસમાં રહીને છ જેટલા વિધાર્થીઓએ કર્યો. એ સમયે ભારતમાં મુદ્રણકાર્ય શક્ય ન હતું. તેમના આ પુસ્તકનું મુદ્રણ કાર્ય ઇંગ્લેન્ડ અને જર્મનીમાં પણ ન થઇ શક્યું. અંતમાં આ પુસ્તક ૧૯૦૯ની સાલમાં હોલેન્ડમાં મુદ્રિત થયું. સમયાંતરે આ પુસ્તકનો અનુવાદ ઉર્દૂ, હિન્દી, પંજાબી અને તામિલ ભાષામાં પણ થયો. આ પુસ્તક પર બ્રિટિશ શાસકો દ્વારા પ્રતિબંધ લગાવાયો હતો. પ્રતિબંધ દરમિયાન ડૉ. ક્યુતિન્હોએ આ પુસ્તકને એક ધાર્મિક ગ્રંથની જેમ સાચવીને રાખેલો. આ પ્રતિબંધને ૧૯૪૬ના મે મહિનામાં મુંબઇ સરકાર દ્વારા હટાવાયો હતો. 29-6-1910ના રોજ “મોરિયા” નામના જહાજમાં વિનાયક કેદીના રૂપમાં ભારત પાછા ફરી રહ્યા હતા. તેમની ચોકી કરવા 10 અંગ્રેજ સોલ્જરો પણ સાથે હતા. જહાજ પેરિસના સમુદ્રમાં પહોંચ્યું. વિનાયક માટે પેરિસ જાણીતું હતું. તેમણે સંડાસ જવાનું બહાનું કરીને સંડાસમાં ગયા. કાચ તોડીને સમુદ્રમાં કૂદી પડ્યા. સામે જ કિનારો હતો. તરતાં આવડતું હતું. તેમના પડવાથી ધબાકો થયો. સોલ્જરો ચેતી ગયા. તેમણે ધડાધડ ગોળીઓ છોડવા માંડી પણ કુશળ તરવૈયા વિનાયક ડૂબકી મારીને તરીને સામે કાંઠે પહોંચી ગયા. દોડીને ફ્રાંસની ધરતીમાં પ્રવેશી ગયા. તેમને આશા હતી કે શ્યામજી કૃષ્ણ વર્મા તેમને લેવા માટે સામે કિનારે આવ્યા હશે. પણ ત્યાં કોઇ ન હતું. ફ્રાંસની પોલીસે પકડ્યા. તે અંગ્રેજી જાણે નહિં. વિનાયકે બહુ સમજાવ્યા પણ ત્યાં તો પેલા સોલ્જરો પહોંચી ગયા. વિનાયક ફરીથી પકડાઇ ગયા. આવી સાહસપૂર્ણ બહાદુરી બતાવવા માટે લોકોએ તેમને વીરની ઉપાધિ આપી. હવે તે વીર સાવરકર થઇ ગયા. હવે તો મુશ્કેરાટ બાંધીને જ બાકીનો પ્રવાસ કરવાનો થયો. 20-7-1910ના રોજ જહાજ મુંબઇ પહોંચ્યું. સેંકડોની ભીડ તેમને જોવા ઊમટી પડી. પોલીસે તેમને યરવડા જેલ મોકલી દીધા. ત્યાંથી ડોંગરી જેલમાં મોકલ્યા.

शिक्षण जगत

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર “JOIN” લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY
28

# આજનો દિન વિશેષ




## વીર સાવરકર જન્મજયંતિ

26 ફેબ્રુઆરી, 1966ના રોજ તેમનું અવસાન થયું. 1970માં ઇન્દિરા ગાંધીની સરકારે વીર સાવરકરના માનમાં પોસ્ટ સ્ટેમ્પ જાહેર કર્યા હતા.

### વિનાયક દામોદર સાવરકરને ખાસ બનાવે છે તેમના જીવનની આ 10 વાત

1. વીર સાવરકરએ રાષ્ટ્રધ્વજ ત્રિરંગાના વચ્ચે ચક્ર લગાવવાની સલાહ સર્વપ્રથમ આપી હતી. જેને રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદએ માન્યું.
2. તેને જ સૌથી પહેલા પૂર્ણ સ્વતંત્રતાને ભારતના સ્વતંત્રતા આંદોલનના લક્ષ્ય ઘોષિત કર્યું. તે એવા પ્રથમ રાજનીતિક બંદી હતા. જેને વિદેશી(ફ્રાંસ) ભૂમિ પર બંદી બનાવવાના કારણે હેગના અંતરાષ્ટ્રીય ન્યાયાલયમાં કેસ પહોંચ્યા.
3. તે પહેલા ક્રાંતિકારી હતા જેને રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસનો ચિંતન કર્યું અને બંદી જીવન સમાપ્ત થતા જ જેને અસ્પૃશયતા વગેરે કુરીતીઓના વિરૂદ્ધ આંદોલન શરૂ કર્યું.
4. દુનિયાના તે એવા પહેલા કવિ હતા જેણે અંડમાનના એકાંત જેલમં જેલની દીવાલ પર ખીલ અને કોલસાથી કવિતાઓ લખી અને પછી તેને યાદ કર્યું. આ રીતે યાદ કરી 10 હજાર લીટીઓને તેણે જેલથી છૂટ્યા પછી ફરી લખ્યું.
5. સાવરકર દ્વારા લિખિત ચોપડી દ ઈંડિયન વૉર ઑફ ઈંડિપેંડેસ 1857 એક સનસની ખેજ ચોપડી રહી જેને બ્રિટિશ શાસનએ હલાવી નાખ્યું હતું.
6. વિનાયક દામોદાર સાવરકર દુનિયાના એકલા સ્વાતંત્ર્ય યોદ્દા હતા જેને 2-2 આજીવન જેલની સજા મળી. સજાને પૂરા કર્યા અને પછી તે રાષ્ટ્ર જીવનમાં સક્રિય થઇ ગયા.
7. તે વિશ્વના એવા પહેલા લેખક હતા જેની કૃતિ 1857નો પ્રથમ સ્વતંત્રતાને 2-2 દેશને પ્રકાશનથી પહેલા જ પ્રતિબંધિત કરી નાખ્યું.
8. તે પહેલા સ્નાતક હતા જેની સ્નાતપ ઉપાધિને સ્વંતંત્રતા આંદોલનમાં ભાગ લેવાના કારણે અંગ્રેજ સરકારએ પરત લઇ લીધું.
9. વીર સાવરકર પહેલા એવા ભારતીય વિધાર્થી હતા જેને ઇંગ્લેડના રાજા પ્રત્યે વફાદારીની શપથ લેવાની ના પાડી દીધી. તેથી વકાલત કરવાથી રોકી દીધું.
10. વીર સાવરકર પહેલા એવા ભારતીય રાજનીતિજ્ઞ હતા જેને સર્વપ્રથમ વિદેશી વસ્ત્રોની હોળી સળગાવી.

शिक्षण जगत

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY

29

# આજનો દિન વિશેષ



## સર હમ્ફ્રી ડેવી પુણ્યતિથિ

હમ્ફ્રી ડેવીનો જન્મ 17 ડિસેમ્બર, 1778 ના રોજ પેનઝન્સ, કોર્નવોલમાં થયો હતો, હંફ્રી ડેવી સૌ પ્રથમ 1807 માં કોસ્ટિક સોડા (નાઓએચ) ના વિધુત વિચ્છેદન-વિશ્લેષણ દ્વારા શુદ્ધ સોડિયમથી અલગ પડી હતી. પછી 1808 માં, તેમણે પીગળેલા બારીટ (બાઓ) ના વિધુતવિઘટન દ્વારા બેરિયમને અલગ પાડ્યું. હૂમ્ફ્રી ડેવી દ્વારા કૂલ જ્વાળાઓ 1817 માં અકસ્માતે શોધવામાં આવી હતી, 120 ° સે જેટલા નીચા તાપમાન પર, ઈંધણ હવાના મિશ્રણથી રાસાયણિક પ્રતિક્રિયારૂપે પ્રતિક્રિયારૂપે અને ઠંડી જ્વાળાઓ કહેવાય ખૂબ જ નબળા જ્વાળાઓ પેદા થાય છે. 1809 માં, હમફ્રી ડેવીએ બે વાયરને બેટરી સાથે જોડીને પ્રથમ ઇલેક્ટ્રિક લાઇટની શોધ કરી હતી અને વાયરના અન્ય અંત વચ્ચે ચારકોલની સ્ટ્રીપ જોડતી હતી. ચાર્જ કરેલા કાર્બનને પ્રથમ ચાપ દીવો બનાવે છે. ડેવીએ 1815 માં ખાણિયોના સલામતીના દીવાને શોધ કરી હતી. મીથેન અને અન્ય જ્વલનશીલ ગેસની હાજરી હોવા છતાં ઊંડા સીમના માઇનિંગની મંજૂરી માટે ફર્નેમ્પ અથવા મિનેડેમ્પ તરીકે ઓળખાતી લેમ્પને મંજૂરી આપી હતી. હમ્ફ્રી ડેવીની પ્રયોગશાળા સહાયક માઇકલ ફેરાડે , જે ડેવીના કામનો વિસ્તાર કરવા માટે ગયા હતા અને પોતાના અધિકારમાં પ્રસિદ્ધ બન્યા હતા. 29 મે, 1829 ના રોજ તેમનું અવસાન થયું હતું.

### તેમની વિશેષ સિદ્ધિઓ :

✓ તેમને સાબિત કર્યું હતું કે તે બે અલગ અલગ ધાતુઓનો ઉપયોગ કરતો ન હતો જેણે વોલ્ટેઇક પાઇલ કામ કર્યું હતું.

✓ નાઇટ્રસ ઓક્સાઇડ અથવા હસતી ગેસના તબીબી ગુણધર્મો શોધ્યા.

✓ બોરૉન સંયોજનો હજારો વર્ષોથી જાણીતા છે, પરંતુ 1808 સુધી સર હમ્ફ્રી ડેવી, ગે-લ્યુસેક અને ત્યાર્ડ દ્વારા આ તત્વ શોધાયું ન હતું.

✓ પોટાશિયમ, સોડિયમ, બેરીયમ, સ્ટ્રોન્ટીયમ, કેલ્શિયમ અને મેગ્નેશિયમને અલગ પાડવા, પ્રથમ ઇલેક્ટ્રોકેમિકલ ડિસકોમ્પોઝિશનનું પ્રદર્શન કર્યું.

✓ ખાણિયોના સલામતીના દીવાની શોધ કરી.


શિક્ષણ જગત

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

MAY

30

# આજનો દિન વિશેષ




## હિન્દી પત્રકારિતા દિવસ

હિન્દી જર્નાલિઝમ ડે દર વર્ષે 30 મેના રોજ ઉજવવામાં આવે છે. આ તારીખે, પંડિત યુગુલ કિશોર શુક્લાએ 1826 માં પ્રથમ હિન્દી અખબાર 'ઉદંત માર્તાન્ડ' પ્રકાશિત કરવાનું શરૂ કર્યું. પંડિત જુગલ કિશોર શુક્લા દ્વારા ભારતમાં પત્રકારત્વની શરૂઆત કરવામાં આવી હતી. હિન્દી પત્રકારત્વની શરૂઆત બંગાળમાં થઇ હતી, જેનો શ્રેય રાજા રામમોહન રાયને મળે છે. આજે અખબાર એક ખૂબ જ મોટો વ્યવસાય બની ગયો છે. મીડિયાએ આજે સમગ્ર વિશ્વમાં એક વિશેષ ઓળખ બનાવી છે. રામમોહન રોયે ઘણાં કાગળો શરૂ કર્યા, જેમાંથી સૌથી મહત્વપૂર્ણ છે - 'બંગાળ ગેઝેટ' વર્ષ 1816 માં પ્રકાશિત થયું. બંગાળ ગેઝેટ એ ભારતીય ભાષાનું પ્રથમ અખબાર છે. આ અખબારના સંપાદક ગંગાધર ભટ્ટાચાર્ય હતા. આ સિવાય રાજા રામમોહન રાયે 'મિરાતુલ', 'સંવાદ કૌમુદી', 'બંગાળ હેરાલ્ડ' પત્રો પણ લાવ્યા અને લોકોમાં ચેતના ફેલાવી. પંડિત જુગલ કિશોર શુક્લાના સંપાદનમાં 30 મે 1826 ના રોજ કલકત્તાથી નીકળેલા 'ઉદંત માર્તાન્ડ' ને હિન્દીનું પહેલું અખબાર માનવામાં આવે છે. હાલમાં ઘણા લોકો પત્રકારત્વના ક્ષેત્રે રોકાણ કરી રહ્યા છે. તે મોટો ધંધો થઇ ગયો છે, જેમને હિન્દીની 'કેબીસી' પણ ખબર નથી, તેઓ હિન્દીમાં આવી રહ્યા છે. 195 વર્ષમાં હિન્દી અખબારો અને સમાચાર પત્રકારત્વના ક્ષેત્રે ઘણી તેજી આવી છે. સાક્ષરતા વધી છે. પંચાયત કક્ષાએ રાજકીય ચેતના વધી છે. આ સાથે જાહેરાતોમાં પણ વધારો થયો છે. હિન્દીના વાચકો તેમના અખબારોને સંપૂર્ણ ટેકો આપે છે. તેઓ મોંઘા, ઓછા-પાનાં અને નબળા કાગળના અખબારો પણ ખરીદે છે. અંગ્રેજી અખબાર વધુ પૃષ્ઠો અને વધુ સારા કાગળ પર ઓછા ખર્ચ છે.

शिक्षण
जगत

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

www.shikshanjagat.net

shikshanjagat

# આજનો દિન વિશેષ

## વિશ્વ તમાકુ નિષેધ દિવસ

દર વર્ષે 31 મે ના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ મનાવવાનો મુખ્ય હેતુ એ જ છે કે લોકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બને અને શરીરને નુકસાન પહોંચાડતી વસ્તુઓથી દૂર રહે. 1987 માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા ઠરાવ પસાર કરવામાં આવ્યો જેમાં 7 એપ્રિલ, 1988 ને 'વર્લ્ડ નો સ્મોકિંગ ડે' તરીકે જાહેર કરવામાં આવ્યો. લોકોને ઓછામાં ઓછો 24 કલાક તમાકુનો ઉપયોગ અટકાવવા પ્રેરણા આપવા માટે આ અધિનિયમ પસાર કરવામાં આવ્યો હતો. પાછળથી 1988 માં, સંગઠને બીજો ઠરાવ પસાર કર્યો કે 31 મે ના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિન મનાવવામાં આવશે. આ જ કારણ છે કે વિશ્વ તમાકુ નિષેધના દિવસે ઘણા જાગૃતિ અભિયાનો દ્વારા તમાકુના સેવનથી સ્વાસ્થ્યને થતા નુકસાન અંગે લોકોમાં જાગૃતિ ફેલાવે છે અને તેનાથી શરીરમાં થનાર જીવલેણ પ્રભાવો અંગે સમજાવવામાં આવે છે. આવા સમયમાં જ્યારે ઘાતક કોરોના વાયરસ આપણા ફેફસાને નુકસાન પહોંચાડી રહ્યો છે અને આપણને મૃત્યુ અને નિરાશા તરફ દોરી રહ્યો છે, ત્યારે હવે વધુ જરૂરી બન્યું છે કે આપણે આપણા સ્વાસ્થ્ય માટે જરૂરી કાળજી રાખીએ. ત્યારે એક સ્વસ્થ અને વ્યસન મુક્ત જીવન જીવવા માટે તમને અમુક પ્રાકૃતિક નુસખાઓ ઉપયોગી બનશે. તમાકુ ઉત્પાદનો એ કોઇપણ રાષ્ટ્રના વિકાસ માટે ખતરારુપ છે. અને તે લોકોના શારિરીક સ્વાસ્થ્ય માટે હાનીકારક છે, ઉપરાંત લોકોની આર્થીક સ્થિતી પણ ખોરવાય છે. આમ આ તમાકુ ઉત્પાદનોના સેવનની ઉભી થયેલ વૈશ્વિક કટોકટીને પહોચીં વળવા વિવિધ સરકારો તેમજ લોકો આરોગ્ય તેમજ વિકાસને પ્રાથમિકતા આપે તે જરુરી છે. **વર્ષ 2021 ના 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' ની થીમ છે :**

**"Commit to quit"**

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે અમારા Whatsapp ગ્રુપમાં જોડાવા અમને અમારા Whatsapp no. 98259 90996 પર "JOIN" લખી મેસેજ કરો.**

शिक्षण जगत

www.shikshanjagat.net

shikshanjagat